સાલ : ૫ / સિલસિલાવાર નંબર : ૫૭ / શુમારો : ૯ بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ફુલ પાના - ૨૦

الهادي
THE GUIDE
મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખબાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. તા. ૧ રમઝાનુલ મોઅઝ્ઝમ ૧૪૨૯ હી., ૩૧-૮-૨૦૦૮

## -::: શહરૂલ્લાહ : એક અઝીમુશ્શાન ઈલાહી મેહમાન :::-

અલ્લાહતઆલાનો હમ પર કરમ અને એહસાન છે, એની હમારે પર નવાઝિશ છે કે હમને રમઝાનુલ મોઅઝ્ઝમ તક પહોંચાવા, ઈબાદત અને રિયાઝત કરવાની નેક તૌફીક આપી અને હમારા ઈમાનને કામિલ કરવાનો એક મૌકો નસીબ કીધો. રમઝાનુલ મોઅઝ્ઝમ એક મખ્સૂસ મહીનો છે કે જેની ઝિક્ર અલ્લાહતઆલા કુરઆને કરીમમાં કરે છે કે, **"શહરો રમઝાનલ્લઝી....."** રમઝાન અલ્લાહતઆલા નો મહીનો છે તે સબબ એનું નામ શહરૂલ્લાહ છે. જે મુજબ હર તે જગા જહાં અલ્લાહની ઈબાદત થાય એ મસ્જિદ છે, અલ્લાનું ઘર છે, મગર મક્કામાં કાઅબતુલ્લાહની મસ્જિદની ફઝીલત ઝિયાદહ છે, કે એ જગાને અલ્લાહતઆલાએ પોતાના તરફ મન્સૂબ કીધી છે. એ જ મિસિલ શરીઅતના તમામ આઅમાલ કરવાના હુકુમ આવા છે મગર રોઝાને અલ્લાહતઆલાએ પોતાના તરફ મન્સૂબ કરીને એની ફઝીલત બતાવી છે અને એને રમઝાનમાં ફરઝ કીધા છે. અલ્લાહતઆલા ફરમાવે છે કે, **"અસ્સવમો લી વઅના અજઝી બેહી"**, માઅના : રોઝા મારા વાસ્તે છે અને હું એની જઝા આપીશ. એક દીગર મિસાલ એ છે કે, તમામ ઈન્સાન અલ્લાહના બંદા છે મગર સરવરે કાએનાત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને અલ્લાહતઆલાએ હબીબુલ્લાહ લકબ ઈનાયત કરીને આપ (સ.અ.વ.વ.) ને અલ્લાહતઆલા એ પોતાના તરફ મન્સૂબ કરી દીધા અને આપની ઈઝ્ઝત, શરફ અને જલાલતને ઝાહિર ફરમાવી.

રમઝાનુલ મોઅઝ્ઝમ સાલના નવમા મહીના છે, તેની અઝમત, બલંદી, વકાર ને પહેચાનવી જોઈએ. ૯ એ અહદ (એકમ) નો તમામથી ભારી અદદ છે. ૯ એ ફલકુલ મોહીત તરફ દલાલત કરે છે કે જે ફલકુલ મોહીત તમામ અફલાક (આસ્માનો), બુરૂજ અને સૈયારાત (સિતારા) ને ઘેરો કરનાર છે. ફલકે મોહીત ની જ હરકતથી તમામની હરકત (ચાલ) છે. ફલકે મોહીત તમામથી પહેલા હરકત કરનાર છે અને હરકત કરાવનાર છે. ફલકે મોહીતની ગરદિશ થી બીજા તમામ અફલાકની ગરદિશ છે અને આ જહાનમાં ઝિંદગી છે. દીગર, માઁ ના રહેમ (પેટ) માંથી નવમૌલૂદ નવ મહીના બાદ મુકમ્મલ પૈદા થાય છે અને દુનિયાની ખૂલી ફિઝામાં આવે છે અને સુકૂન અને ઈત્મેનાન હાસિલ કરે છે. એક મુમિન બંદો પણ જે વક્ત રમઝાનુલ મોઅઝ્ઝમના તમામ હુકૂક અદા કરી દે છે અને અલ્લાહતઆલા એને ઈદુલ ફિતર નસીબ કરે છે તે વક્ત એને એમ એહસાસ થાય છે કે, તે હવે તમામ ફરઝોને અદા કરવાની મેહનતને ઉચકીને ૩૦ અય્યામ બાદ પુખ્તા ઈમાન સાથે ફરિશ્તાઈ દુનિયાની ખુલી ફિઝા માં આવો અને એને અલ્લાહતઆલાની રેહમતનું સુકૂન હાસિલ થયું. ફલકે મોહીત જેમ **રમઝાનની ઇબાદતોની હરકતનો અસર એ મુજબ મુમિનની તબીઅત પર થાય છે કે બીજા ૧૧ મહીના તક એની રહેની-કરનીમાં ગરમજોશી રહે છે.**

રમઝાનુલ મોઅઝ્ઝમની ફઝીલત એના મમ્સૂલના સબબથી છે. કેમ ન હોય ? શહરૂલ્લાહના મમ્સૂલ અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) છે કે જેની કદર, અઝમત અને ઈઝ્ઝો વકાર અલ્લાહતઆલા ને નઝદીક અઝીમ છે. હમારા મૌલા મુશ્કિલકુશા મૌલાના અલી (અ.સ.) એ જ શખ્સીયત છે કે જેની શફાઅત ના સબબ હમને હકીકી જન્નત નસીબ થાશે, ખુલ્દમાં મકામે મુમ્તાઝ અતા થાશે. આપ (અ.સ.) ફરમાવે છે કે, **"અનલ અવ્વલો વલ આખેરો વઝ્ઝાહેરો વલ બાતિન"**. આપ અવ્વલ (પહેલા) એ સબબ થી છે કે, આપે જ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની તમામથી પહેલા દાઅવતને કુબૂલ કીધી અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના મોઈન અને મદદગાર બના. આપ (અ.સ.) આખિર (છેલ્લા) એ સબબ થી છે કે, ઈસ્લામના આખરી રૂકન (વલાયત) ની અદાયેગી પણ

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**સબર કરનાર ઝરૂર કામિયાબ થાશે ચાહે કેટલી પણ તાખીર થાય.**

*(પેજ નં. ૧ નું બાકી)* ***શહરૂલ્લાહ.....***

ગદીરે ખુમ્મના મૈદાનમાં આપની ઝાત મુબારક પર જ થઈ. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આપને વસાયતનો સરતાજ પેહરાવો અને મુમેનીન ના મૌલા બનાવા. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની શરીઅતની ઈબ્તેદા અને ઈન્તેહા હમારા આકા અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) થી છે. આપ ઈલાહી નૂર ને ઝાહિર કરનાર હતા, નબવી ઈલ્મ અને કુરઆનના એહકામની તાવીલ ને ઝાહિર કરનાર હતા અને શરીઅત અને કુરઆનના અસરાર (મખફી વાતો) ને છુપાવનાર પણ હતા, આ સબબથી આપ ઝાહિર અને બાતિન છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો મહીનો શાઅબાનુલ કરીમ છે જે રજબ અને શહરૂલ્લાહને દરમિયાન છે. રજબ મૌલાના અલી (અ.સ.) ની વિલાદતનો મહીનો છે અને રમઝાનુલ મોઅઝ્ઝમ મૌલાના અલી (અ.સ.) ની શહાદતનો મહીનો છે, જે ચીઝ એમ દલાલત કરે છે કે શરીઅતે મોહંમદીની બુનિયાદ ઈબ્તેદામાં યા ઈન્તેહામાં મૌલાના અલી (અ.સ.) અને આપની આલે અત્હર (અ.સ.) ની વલાયત પર જ છે. એનાથી શરીઅતે મોહંમદીની કમાલીયત છે, તમામીયત છે.

**"રમઝાન"** લફ્ઝ માં પાંચ હુરૂફ છે અને એની માઅના : રા-રેહમત; મીમ-મગફેરત; ઝાદ-જન્નત અને નજાતની ઝમાનત; અલિફ-ઉન્સત(રાહત) અને નૂન-નેઅમત થાય છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ શહરૂલ્લાહના અય્યામોને તીન દસકામાં તકસીમ ફરમાવા છે. **પહેલો રેહમતનો દસકો, બીજો મગફેરતનો દસકો અને ત્રીજો ઇતકે મિનન્નાર નો (જહન્નમથી આઝાદ થાવાનો) દસકો.**

મુમેનીન શહરૂલ્લાહને દૌરાન ઈજતેહાદ (જિસ્મના આઝાથી જેહાદ) પર લાઝિમ રહે, આરામ અને રાતની ઊંઘને તર્ક કરે, અલ્લાહતઆલા ની હર વક્ત ઝિક્ર કરે, તિલાવતે કુરઆન કરીને દિલને નૂરાની કરે, જમન, પાની અને જિસ્માની શેહવતોથી દૂર રહે, જિસ્મના તમામ આઅઝાને માઅસીયત અને બુરા કામોથી દૂર રાખે, દિલમાંથી હસદ, હિર્સ, અદાવત, કીનો, મકર ને દૂર કરે, અલ્લાહતઆલાની તકવા રાખે, મુનાજાત કરે, નિસ્ફીલ્લૈલ-તહજ્જુદ અદા કરે, દાઈ-એ-હક્કને ઝકાત અદા કરે, ફકીરો મિસ્કીનને સદકાત આપે, જમાઅતની ખિદમત ગુઝાર અંજુમનોને માલી ઈમદાદ કરે, સબીલુલ બરકાત (મસ્જિદની સબીલ) અદા કરે, હર વક્ત વુઝૂ અને પાકીની હાલતમાં રહે, અલ્લાહની તસ્બીહો-તેહલીલમાં વક્તને સર્ફ કરે.... આ તમામ એ આઅમાલ છે કે જે ઈન્સાનને ફરિશ્તાઈ સીરત અને સૂરત હાસિલ કરાવે છે. આના સબબ જન્નત હમારે તરફ શૌક કરે છે અને દરજા બલંદ થાય છે.

અલ્લાહતઆલા હમ તમામ મુમેનીન ને શહરૂલ્લાહના તમામ હુકૂક અદા કરવાની નૈક તૌફીક અતા કરે અને રમઝાનના ઈખ્તેતામ પર હમને ઈન્સાની સીરતમાંથી ફરિશ્તાઈ સીરતના બનાવે અને નૂરાની લોગોના શમલમાં હમારો શુમાર કરે. ★

## –::: માહે સિયામ :::–

લમ્હા લમ્હા, પલ-બ-પલ, મંઝિલ-બ-મંઝિલ ગામ ગામ,
બખ્શિશોં કા રહમતોં કા નેઅમતોં કા ઈઝદેહામ,
અહલે દૌલત હો કે મુફલિસ ચાહે આકા યા ગુલામ,
જો ભી ચાહે બોહરવર હો, હે સિલાએ ખાસો આમ,
હૈ હવાએ અબ કરમ કી હૈ ઈનાયત સુબ્હો શામ,
લે કે પૈગામે અમલ ફિર આ ગયા માહે સિયામ.

લાઅનતે પૈહમ ગુનાહોં કી ન અબ સર લીજીયે,
રૂહ કા દામન ગુલે હસનાત સે ભર લીજીયે,
રોઝે મેહશર જન્નતુલ ફિરદૌસ મેં ઘર લીજીયે,
નૈકીયાઁ જિતની ભી મુમ્કિન હો અભી કર લીજીયે,
કાશ ઈસ ઝૌકે અમલ કો હો અતા ઉમ્રે દવામ,
લે કે પૈગામે અમલ ફિર આ ગયા માહે સિયામ. ★

**જે શખ્સને સવાબ મીલવાનું પૂરૂં યકીન હોય છે તે ઝરૂર દૌલતને રાહે લિલ્લાહ ખર્ચ કરે છે.**

## હિકમતના લોગો વાસ્તે –::: " હકીમસાબ " ના નુસ્ખા :::–

**ખતાનત - (Circumcision)**

- ✶ જે વક્ત અલ્લાહતઆલા તરફથી મૌલાના ઈબ્રાહીમ (અ.સ.) પર પાક થાવાનું ફરમાન થયું તો પહેલા આપે આપની મૂંછના બાલ ને લીધા (મૂંછો કાપી) પછી દોબારા ફરમાન થયું તો આપે આપના નાખૂન (નખ) ને કાપા પછી આપના બગલના બાલ ને કાપા. ચોથી મરતબા પાક થાવાનું ફરમાન થયું તો આપે આપની આનત (શરમગાહ ને ઉપરની જગહ) ના બાલ ને દૂર કીધા અને આખીરમાં પાંચમી મરતબા પાક થાવાનું ફરમાન થયું તો આપે ખતાનત કરાવી. તે વક્ત આપની ઉંમર ૮૦ વરસની હતી.
- ✶ ખતાનત કરાવવી એ સુન્નતે ઈબ્રાહીમ અને સુન્નતે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) છે અને હર મુસલમાન મર્દ પર ખતાનત કરાવવી વાજિબ છે. અગર એ ૮૦ વરસની ઉંમર નો થઈ જાય તો પણ શરીઅતનો આ હુકમ વાજિબ છે.
- ✶ જે સુન્નત મૌલાના ઈબ્રાહીમ (અ.સ.) ના ઝમાનાથી જારી છે એ સુન્નત કરાવવાના ફાયદા આજનું જદીદ Science સાબિત કરી રહ્યું છે. આજે એ ચીઝ પૂરી દુનિયા માને છે કે, ખતાનત કરાવવાથી STD (sexually transmitted diseases) થાવાના Chances ઘણા કમ થઈ જાય છે.
- ✶ આમ તૌર પર નૌ-મૌલૂદ બચ્ચાની ખતાનત એના અકીકા ના મૌકા પર કરવામાં આવે છે. દીકરાઓ ની ખતાનત એના બચપન માંજ કરાવી લેવી ફાયદામંદ છે. દીકરીઓની ખતાનત ૭ સાલની ઉમર પછી કરવાનો હુકમ છે.
- ✶ બચ્ચાની ખતાનત કરાવા પછી Bleeding યા બીજા કોઈ Complication જેવા કે પાક થઈ જવો, આને રોકવાની હોમીયોપેથી માં અકસીર દવાઓ છે જેને ખતાનત કરાવવા પહેલા અને પછી આપવાની હોય છે. આમ તૌર પર ખતાનત નો ઝખમ એક અઠવાડીયા ને અંદર બરાબર રૂઝાઈ જાતો હોય છે.
- ✶ ખતાનત કરાવવાને આગલે દીવસે બચ્ચાને Arnica 30 ની એક યા બે ગોલી, પીસીને એનું પાવડર કરીને દિવસમાં ૩-૪ વક્ત આપવી. આ દવા આપવાથી બચ્ચાને Bleeding ઓછું થાય છે.
- ✶ ખતાનત કરાવી રહ્યા બાદ બચ્ચાને Staphysagria 30 ની એક યા બે ગોલી, પીસીને એનું પાવડર કરીને દિવસમાં ૩-૪ વક્ત આપવી. આ મુજબ બંને દવાઓ તકરીબન ૩-૪ દિવસ તક મુસલસિલ આપવી.
- ✶ આ ચીઝના સિલસિલામાં વધારે માહિતી જોઈતી હોય યા બચ્ચાને ઝાતી તૌર પર ડોક્ટરની મુલાકાત વાસ્તે લઈ જાવાની ઝરૂરત પૈશ આવે તો ડોક્ટર સાહબના મો.નં.: ૯૯૨૫૮૪૪૫૯૯ પર એપોઈન્ટમેન્ટ લઈ શકાય છે. ★

## –::: લાલચ ઝિલ્લત છે અને દેખાદેખી બદકિસ્મતી છે :::–

અદબની કિતાબોમાં બયાન છે કે એક છોકરો કૂવા ના કિનારે બેસીને હતો, રોઈ રહ્યો હતો. તે દૌરાન એક લાલચખોર મરદ તે જગા પરથી ગુઝરો અને બચ્ચાને રોવાનો સબબ પૂછો. છોકરાએ કહ્યું કે, આ કૂવામાં મારી ડોલ પડી ગયેલી છે જેનાથી મેં પાની ખેંચતો હતો. મેં જે વક્ત કૂવામાં જોયું કે તે ડોલ કઈ જગા પર છે તો મારા માથા પરથી પાઘડી પડી ગઈ જેના પર કીમતી હીરા હતા. એટલા માટે હું રોઈ રહ્યો છું. લાલચખોર મરદે પોતાના કપડા નીકાલા અને કૂવામાં ઉતરો અને ડૂબકીઓ મારીને છોકરાની પડેલી ચીઝોને તલાશ કરવા લાગો અને જે વક્ત તે થાકી ગયો તો કૂવાથી બહાર નીકલી ગયો. આવીને જોઈ છે તો પેલો છોકરો એના કપડા લઈને નાસી ગયો હતો. ★

## –::: નોંધ :::–

શવ્વાલુલ મુકર્રમ મહીનાથી ઈન્શાઅલ્લાહો તઆલા હફતામાં એક વાર નૂરાની મસ્જિદમાં હર મંગલવારે અને તૈયેબી મસ્જિદમાં હર બુધવારે રાતે ૮:૦૦ વાગે દરસે તૈયેબીની ઈલ્મી મજલિસ ઈબ્તેદા થાશે. ★

**કોઈ હમરાઝનું ન હોવું એક ઝાતની મોહતાજગી છે.**

## -::: શહરૂલ્લાહની તૈયારી વાસ્તે ખુત્બએ રસૂલેખુદા (સ.અ.વ.વ.) :::-

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) થી રિવાયત મન્કૂલ છે કે, આપે શાઅબાન મહીનાના આખિરી અય્યામમાં મુસ્લેમીન દરમિયાન શહરૂલ્લાહની અઝમત વાસ્તે એક સબકઆમૌઝ ખુત્બો પઢો કે, અય લોગો, હુશિયાર થઈ જાવ ! એક અઝીમ મુબારક મહીના તમારાથી નઝદીક થઈ ચુકા છે. આ તે શાનવાલા મહીના છે જેમાં એક રાત એવી છે કે, જેની ઈબાદત હઝાર મહીનાની ઈબાદત કરતા અફઝલ છે. તે રાત લયલતુલ કદરની રાત છે જે શહરૂલ્લાહના આખિરી દસકામાં આવે છે.

જે શખ્સ આ મહીનામાં કોઈ પણ એક નૈકી કરે તો તે એ શખ્સ જેવો છે જેએ શહરૂલ્લાહ સિવાય બીજા મહીનામાં એક ફરઝ અદા કીધું હોય. યાઅની શહરૂલ્લાહના એક અમલે ખૈરની જઝા એક ફરઝની અદાયેગી મુજબ છે. હવે જે શખ્સ શહરૂલ્લાહમાં એક ફરઝ અદા કરે અને અલ્લાહથી નઝદીકી હાસિલ કરે તો તે એ શખ્સ જેવો છે જેએ બીજા મહીનામાં ૭૦ ફરઝ અદા કીધા હોય. યાઅની શહરૂલ્લાહના એક ફરઝનો સવાબ અલ્લાહ ૭૦ ગણો આપે છે. **આ મહીના સબરના મહીના છે અને સબરનો સવાબ જન્નત છે અને આ મુવાસાત-હમદર્દીના મહીના છે.** આ તે મહીના છે જેમાં મુમિનના રિઝકમાં વધારો કરવામાં આવે છે. જે શખ્સ આ મહીનામાં એક રોઝાદારને રોઝા ઈફતારી કરાવે તો અલ્લાહતઆલા એના તમામ નાના ગુનાહોંને બખ્શી દે છે યાઅની રોઝા-ઈફતારી મુમિન વાસ્તે કફ્ફારતુઝ ઝોનૂબ છે, આ સાથે જહન્નમથી એની ગરદન આઝાદ થઈ જાય છે. અલ્લાહ આ રોઝા-ઈફતારી કરાવનારને રોઝાદારના સવાબ જેટલો સવાબ ઈનાયત કરશે.

તે વક્ત કૌમના ચંદ શખ્સોએ અરઝ કીધી કે, યા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), હમારા માંથી હરએકમાં રોઝાદારને ઈફતાર કરાવવાની તાકત હોતી નથી. આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, અલ્લાહતઆલા ઈફતારીનો સવાબ તે શખ્સને પણ એટલો જ આપશે જે કોઈ રોઝાદારને દૂધનો એક ઘૂંટ યા એક ખજૂર યા થોડા પાનીથી ઈફતારી કરાવશે. જે શખ્સ રોઝાદારને પેટ ભરીને જમાડશે તો ખુદા એને હૌઝે કૌસર માંથી પાકીઝા પાનીનો એવો ઘૂંટ પીવડાવશે કે તેના પીવા બાદ કોઈ વક્ત પણ એને પ્યાસ નહીં લાગે.

**આ માહે મુબારક એવા મહીના છે કે, જેનો પહેલો દસકો રેહમત છે અને વચલો દસકો મગફેરત છે અને છેલ્લો દસકો જહન્નમથી આઝાદી છે.** જે શખ્સ આ મહીનામાં પોતાના નોકરો-ગુલામો સાથે તખ્ફીફ કરશે, રહેમ કરશે તો અલ્લાહ એને બખ્શી દેશે અને એને જહન્નમથી આઝાદ કરશે. આ માહે રમઝાનમાં તમેં ચાર ખસલતો-આદતોને ઝિયાદહ અદા કરજો. આમાંથી બે ખસલતો તો એવી છે કે, જેથી તમેં તમારા રબને રાઝી કરશો, તે છે "લા ઈલાહા ઈલ્લલ્લાહ" ની શહાદત અને અલ્લાહથી મગફેરત ચાહવી. બાકીની બે ખસલતો એવી છે કે, મુમિનને એના બગૈર ચાલે જ નહીં, તે છે જન્નતનો સવાલ અને જહન્નમના અઝાબથી અલ્લાહની રેહમતની પનાહ તલબ કરવી.

આપ (સ.અ.વ.વ.) મિમ્બરે નબવી ઉપર ચઢા અને ફરમાવું કે, **"આમીન"**. તે પછી કહ્યું કે, અય લોગો, હમણા જિબ્રઈલ મારા નઝદીક આવા અને કહ્યું કે, અય મોહંમદ, જે શખ્સને માહે રમઝાનના મુબારક અય્યામ નસીબ થાય પણ એની એમાં બખ્શિશ ન થઈ અને એ મરી ગયો તો એ શખ્સ જહન્નમમાં દાખિલ થાશે. ખુદા એને હલાક કરજો. કહો "આમીન". પછી મેં "આમીન" કહ્યું. ★

## -::: ફાઝિલ રાતો :::-

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, શહરે રમઝાનની ૧૭ મી રાત તે રાત છે કે જેમાં જંગે બદર થઈ, ૧૯ મી રાત તે રાત છે કે જેમાં બયતુલ્લાહ તરફ આવનાર મુમેનીનના વફદ-ગિરોહના નામો લખવામાં આવે છે, ૨૧ મી રાત તે રાત છે કે જેમાં અંબિયા (અ.સ.) ના વસીયો વફાત થયા - એમાં ઈસા (અ.સ.) આસમાન તરફ બલંદ થયા અને મૂસા (અ.સ.) વફાત થયા, ૨૩ મી રાત તે મુબારક રાત છે કે જેમાં લયલતુલ કદરની ઉમ્મીદ કરવામાં આવે છે - એમાં કરીબના આસમાન તરફ ફરિશ્તાઓ ઉતરે છે અને ઝમીન ઉપર બંદાઓ સાથે શું બનનાર છે તે લીખે છે. ★

**દૌલત, પરદેશમાં વતન છે અને ફકીરી, વતનમાં પરદેશ છે.**

## -::: શું શહરૂલ્લાહમાં આમ કરાય ? ચલો ઝરા સોચીએ.... :::-

શહરૂલ્લાહ આઅમાલે ખૈર બજા લાવવાના મહીના છે જેમાં નમાઝ ખૈરૂલ અમલ છે. અલ્લાહતઆલા એ હમને ઈબાદતને વાસ્તે પૈદા કીધા છે. હમેં નમાઝને વાસ્તે મસ્જિદમાં આવીએ છે, ખૈરૂલ અમલ ને અદા કરીએ છીએ અને એના બદલામાં નેકી અને સવાબ હાસિલ કરીએ છીએ. નમાઝ બાદ જે કરવું લાઝિમ છે એ દોઆ છે. દોઆ બગૈર નમાઝ અધૂરી છે. એ નમાઝ કે જે દોઆ બગૈર હોય તો એ માથા બગૈરના જિસ્મ મુજબ છે .....

(૧) શું દોઆ પઢાતી હોય તે વક્ત દુનિયાની વાતો થાય ?
(૨) શું દોઆની કિરાત થાતી હોય તે વક્ત મસ્જિદ છોડીને ઘર તરફ જવાય ?
(૩) શું ઈફતારી જમવા બેસીએ ને સુન્નત અને તતવ્વાઅને તર્ક કરાય ?
(૪) સાહબે દાઅવત ઈલ્મની ઈબાદત (બયાન) માં હમને શામિલ કરતા હોય તે વક્ત શું મસ્જિદ છોડીને જવાય ?
(૫) મસ્જિદમાં નમાઝ પહેલા યા નમાઝને દૌરાન ફુરસદના વક્ત અલ્લાહની તસ્બીહ યા તિલાવતે કુરઆનને છોડીને પલાઠી મારીને ગીબત કરાય ?
(૬) શું નમાઝ ના વક્ત પર કારોબાર ચાલુ રાખીને નમાઝને તર્ક કરાય ?
(૭) રમઝાનુલ મોઅઝ્ઝમ નિસ્ફિલ્લૈલની નમાઝ વાસ્તે મખ્સૂસ છે તો શું નિસ્ફિલ્લૈલ તર્ક કરીને બિસ્તરમાં આરામ કરાય ?
(૮) શું દિવસ દરમિયાન રોઝા રાખીને અલ્લાહ થી સવાબના હક્કદાર થઈએ અને પછી ઈફતાર કરીને પડીકી, તંબાકુ યા કોઈ એવી બીજી છાકની ચીઝ ખવાય ?
(૯) શું હમેં માલિક થઈને નમાઝ વાસ્તે જઈએ અને હમારા મુમિન મુલાઝિમને નમાઝ ના વક્ત રોકાય ?
(૧૦) સાહબે દાઅવત સાથે રોઝા રાખીને હમે હમારા જિસ્મને પાક કરીએ છીએ તો શું ઝકાત જે સાહબે દાઅવત ને આપવાનું ફરમાન છે, એ બીજા ગૈર ને આપીને હમારા માલને નાપાક રખાય ?
(૧૧) શું વશેક ની નમાઝ તો અદા કરીએ પણ આખિર દોઆ "સજદા વજહી" છોડીને ઘરે જવાય ?
(૧૨) શું ફજરની નમાઝ બાદ કારી યાસીન પઢતા હોય કે જેનો સવાબ લાતાઅદાદ અને બેહિસાબ છે એને ન સાંભલીએ અને દુનિયાની વાતો કરીને સવાબને રદ કરાય ?
(૧૩) શહરૂલ્લાહની વાજેબાત તેના ૩૦ અય્યામમાં જ અદા કરવાનો સખ્ત હુકમ છે, તો શું આ અય્યામને ગફલતમાં ગુઝારી, વાજેબાત અદા ન કરીને ઈદુલ ફિત્રની ખુશી મનાવાય ?
(૧૪) ઈમામતની નમાઝની હુરમત અને અઝમત સફબંદીથી છે. તો શું ઈકામત આવા બાદ પણ બધુ જાણવા છતા આમને આમ બેસી રહી બીજા નમાઝીઓને ખલલ પહોંચાડી નમાઝની આખિરી રકાત તક સફોને અધૂરી છોડાય ?
(૧૫) મસ્જિદ અલ્લાહનું ઘર છે અને મુમિનના દિલ વાસ્તે સુકૂન હાસિલ કરવાની એક પાકીઝા જગા છે. હર નમાઝી ઉપર મસ્જિદની સાફ-સફાઈની ઝિમ્મેદારી છે. લેહાઝા શું રોઝા-ઈફતારીના નામ પર મસ્જિદમાં ખાવા-પીવાની ચીઝો લવાય ?
(૧૬) સબીલુલ બરકાત તે રસ્તાને કહે છે જેના ઝરીએ મુમિન પોતાની પાક દૌલતમાંથી તાકત મુજબ ખર્ચ કરે છે અને ખિદમતે કૌમનો જઝબો રાખે છે. મસ્જિદની ઝીનત-ખૂબસૂરતીને સાચવવી અને અલ્લાહના ઘરને પોતાનું ઘર સમઝીને તેમાં બરાબર સફાઈ રાખવી એ પણ સબીલુલ બરકાતમાં શામિલ છે. શું નમાઝીઓ નમાઝ તો પઢે પણ મસ્જિદની સબીલને ન સમઝે અને તેની ઝીનતના ખર્ચ વાસ્તે હર સાલ માઅતબર રકમ ન આપે તો તે બરાબર કહેવાય ?
(૧૭) શું ઈમામતની નમાઝમાં ઈમામ કિરાત પઢતા હોય તો તેમના સાથે બીજા આસપાસના નમાઝીઓ સાંભલે એમ કિરાત પઢાય ?
(૧૮) અક્લે અવ્વલ-બાવીસાની દોઆ જેમાં આ ખલ્કની પૈદાઈશથી લઈને કયામત તક તમામ સાહબોના વસીલા પઢાતા હોય, તો શું નિસ્ફિલ્લૈલની નમાઝ પહેલા બાવીસાની દોઆના સવાબને છોડીને મસ્જિદના સહેનમાં ઊભા રહીને વક્ત ઝાયે કરાય ? ★

**સલામ બોલવો એક કિસ્મની કાફી દવા છે.**

## -::: " જીતી ગયા, જે ઝકાત આપી પાકો સાફ થયા " :::-

અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં નબીયુલ્લાહ મોહંમદ મુસ્તફા (સ.અ.વ.વ.) ને વાસ્તે ફરમાવું છે કે, **"ખુઝ મિન અમ્વાલેહીમ સદકતન તોતાહહિરહિમ વતોઝક્કીહિમ બેહા વસલ્લે અલયહિમ ઇન્ના સલાતકા સકનુલ્લહુમ,"** અય અલ્લાહના રસૂલ, તમે લોગોના માલમાંથી ઝકાત લો. એ લોગોને પાક કરો અને એનાથી ચોખ્ખા કરો અને એ લોગો વાસ્તે દોઆ કરો, તહેકીક કે તમારી દોઆ એ લોગો વાસ્તે સુકૂન છે. આ સદકાની વાત પર અહલે કિબ્લા ઈત્તેફાક કરે છે કે, આ સદકો એ ઊંટ, ગાય અને બકરાઓની ઝકાત છે અને એ ચીઝની ઝકાત છે જે લોગોના માલ પર વાજિબ થાય છે અને જે ઝમીન માંથી ઉગે છે. જે લેવામાં આવે એ લોગોથી એક વરસમાં એક વકતમાં અલ્લાહના મહીના રમઝાનના મુબારક અય્યામમાં અને તેનુ નામ રાખવામાં આવેલું છે **"ઝકાત"**. અલ્લાહતઆલાએ ઝકાતના સબબ માલની તઝકીયત-પાકીઝગી કીધી છે અને જે કદરથી એને લેવામાં આવે છે અને જે લોગોને પાસેથી એ લેવામાં આવે છે તે મશ્હૂર, માઅરૂફ અને મફહૂમ છે. જો અગર હમેં ફિકેહના કિતાબોની એ તમામ રિવાયત બયાન કરીએ તો આ મઝમૂન ઘણો દરાઝ થઈ જાય.

હકીકતમાં અલ્લાહતઆલાએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને જ ફરમાન કીધું છે કે, ઝરદાર અને દૌલતમંદના માલમાંથી ઝકાત તલબ કરે અને એ તમામ જગાઓમાં ખર્ચે જેની ઝિક્ર અલ્લાહતઆલાએ એની કિતાબમાં કીધી છે. અલ્લાહતઆલાનું ફરમાન છે કે, આ ઝકાત ફકીરને વાસ્તે, મિસ્કીનોને વાસ્તે, જે લોગો ઝકાત ઉઘરાવીને લાવે, લોગોના દિલો ને જોડી રાખવા વાસ્તે, કેદીઓને છોડાવવામાં, દેનદારોનું દૈન અદા કરવામાં, અલ્લાહની રાહમાં અને રસ્તો ભટકાઈ ગયેલાઓને તકસીમ કરવું ફર્ઝે ઐન છે. **અલ્લાહતઆલાએ મુસ્લેમીન પર તેઓના માલમાંથી ઝકાત નીકાલવાનું ફરઝ કીધું છે.** આ એક વરસમાં એક વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને અરઝ કરવાનું અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર એને એની મુનાસિબ જગાઓમાં જેને અલ્લાહતઆલાએ નામ લીધા છે તેમાં ખર્ચ કરવું ફરઝ કીધું છે. તેથી અહલે ઈસ્લામ આપના આમિલોને એ ચીઝ અરઝ કરતા હતા જે વક્ત આપ (સ.અ.વ.વ.) તેઓને ઝકાત ઉઘરાવવા મોકલતા હતા. જે વક્ત આપ (સ.અ.વ.વ.) ઈન્તેકાલ ફરમાવી ગયા તો એક પણ મુસલમાને એમ ન કહ્યું કે, હવેથી આ ફરઝ મિટી ગયું. પણ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) બાદ આપની મસનદ પર ગૈર અહલના લોગો બેસી ગયા તેના આમિલોને લોગો ઝકાત આપતા હતા. યહાં તક કે લોગોએ જોયું કે, બની ઉમૈયાના બાદશાહોએ ઈસ્લામી શહેરો પર જોરો ઝુલ્મથી કબ્ઝો જમાવો છે અને આ ઝકાતને ઝબરદસ્તીથી ઉઘરાવે છે પણ એની મુનાસિબ જગાએ ખર્ચ કરતા નથી. લોગોએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના બાઝ અસ્હાબને આ બાબત પૂછ્યું તો એ લોગોએ કહ્યું કે, તમેં એમને તમારાથી જે બને તે આપી દો. તો લોગોએ એ મુજબ અમલ કીધો અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) જે મુજબ ઝકાતને તકસીમ કરતા હતા એ મુજબ એ ઝાલિમોને અમલ કરવાનું યાદ દેવડાવું. બાઝ અસ્હાબ તો એમ પણ કહેતા હતા કે, તમેં એ ઝાલિમ લોગોને આપી દો ભલે ને તેઓ તેનાથી સાંપ નો ગોશ્ત ખાય ! બાઝ તો એમ કહેતા હતા કે, તમેં એ જાબિર બાદશાહોથી જાન છોડાવવા જે આપવું હોય તે આપી દો, ભલેને એ શરાબખ્વારીમાં યા સૂવરનો ગોશ્ત જમવામાં ખર્ચ કરે. બાઝ અકલમંદ લોગો એમ કહેતા હતા કે, **જે તમારે પર વાજિબ છે તે તમેં અદા કરી દો અને જે એ લોગો પર લાઝિમ છે તે એ કરશે.** શું તમે નથી સોચતા કે, તમેં ચંદ ચોરોને પકડો, થોડાના હાથને કાપી નાખો અને થોડાને છોડી મુકો ? તો શું તે ઈન્સાફ કહેવાશે ? ના ! એ લોગો કહેતા કે, તમેં એને આપી દો અને એને એના હાલ પર છોડી દો, એને જે કરવું હોય તે કરે. હવે કોઈ શખ્સ તેના પર જે વાજિબ છે તેમાં નાઈન્સાફી કરે તો તેએ ગુનાહોના બોઝને પોતાના માથે લીધો. આ મુજબની હુજ્જતો-મુનાઝેરા અને કીલોકાલ જે લોગોએ હક્કના ઈમામોને ન માના અને આલે મોહંમદ (સ.અ.) ના દામનને છોડું એ લોગો દરમિયાન થાતા હતા.

મિસાલના તૌર પર એક મર્દને વાસ્તે બીજા મર્દ પર દૈન છે અને બીજા મર્દને વાસ્તે તીસરા મર્દ પર દૈન છે. હવે તીસરો મર્દ બીજા મર્દને ખબર કીધા બગૈર પહેલા મર્દને દૈન અદા કરી દે તો તીસરો મર્દ બીજાનો અને બીજો

*(બકીયાહ પેજ નં. ૭ પર)*

**મૌત આવવી કાફી શીખામણ દેનારી છે.**

*(પેજ નં. ૬ નું બાકી)* ***"જીતી ગયા, જે ઝકાતને આપી પાકો સાફ થયા".....***

પહેલાનો કરઝદાર રહેશે. પણ વાજિબ તો એ હતું કે તીસરો મર્દ બીજાને અને બીજો પહેલાને પોતાનું દૈન અદા કરતો. આ જ શાકેલત પર ઝકાતની અદાયેગીનો હુકુમ પણ વાજિબ થાય છે. અલ્લાહતઆલાએ લોગો પર ઈમામ આલી મકામને ઝકાત આપવું વાજિબ કીધું છે અને ઈમામ પર હક્કદારોને દરમિયાન તકસીમ કરવું. જો અગર કોઈ મુસલમાન ઈમામને એક તરફ રાખીને એના દૈનને સીધું હક્કદારોમાં અદા કરે તો **મુમિન ઇમામે હક્કનો કરઝદાર રહેશે અને ઇમામે હક્ક ઝકાત લેનારના કરઝદાર રહેશે અને શરીઅતમાં આ અમલ હરગિઝ જાઇઝ નથી.** જો કોઈ આ મુજબના અમલ કરે તો તે ગૈર આદેલાના કહેવાશે, તે ગુનાહોને પોતાને માથે ઓઢશે અને તેને અઝાબ ઉચકવો પડશે.

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, તમારા વાસ્તે મુકર્રર કરવામાં આવેલું છે તેને પર જ તમારો માલ ખર્ચ કરો દાઅવતે હાદીયાના સાલેહીન એક દિગર મિસાલ આપીને ઈમાનદારોને સમઝાવે છે કે, અગર એક શખ્સ બીજા શખ્સન પોતાના માલ પર ઈખ્તેયાર આપે કે, તેના માલને તેની બતાવેલી ગિન્તી માં ફલાના શખ્સને આપવાનો છે અને તે શખ્સ કહેવામાં આવેલા શખ્સને બદલે તેના અહલો અયાલમાં આપે તો એની ખર્ચ કરવાની શર્ત પર તો એનો આ અમલ જે શખ્સે એને હુકમ કીધો એ મુજબ બરાબર છે, એમા કોઈ ખયાનત નથી. જે શખ્સને વકીલ બનાવવામાં આવો હતો તેના તરફથી કુસૂર અને નાઈન્સાફી પણ ન થઈ. અગર આ બેવે શખ્સ નાઈન્સાફી કરે અને સોંપનારના કહેવા મુજબ અમલ ન કરે અને ગૈરને આપી દે તો એની સઝા એને ભુગતવી પડશે. આ વાત પર તમામ અહલે ઈસ્લામ મુત્તફિક છે કે, કોઈ શખ્સ આ મુજબ અમાનતમાં ખયાનત કરે અને કૌલો મીઆદને ઉલટાવી દે તો તે સઝા ને કાબિલ છે.

મુમીનને જાણવું જોઈએ કે, જે ઝકાત એ લોગો પર અલ્લાહતઆલાએ વાજિબ કીધેલી છે તે તમારે વાસ્તે નથી યા તો તમારા માલમાં નથી ગણાતી પણ એ તો અલ્લાહતઆલાની અને તેના રસૂલની તમારા હાથમાં અમાનત છે. કેમકે અલ્લાહતઆલા ફરમાવે છે કે, અય ઈમાનદારો, તમેં અલ્લાહમાં અને એના રસૂલમાં ખયાનત ન કરો તમારી અમાનતોમાં જો તમેં ઈલ્મ રાખતા હોવ. તે જ વાસ્તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, **ઝકાતથી માલની મિકદારમાં કદી પણ નુકસાન થાતું નથી.** જો અગર ઝાહિરી તૌર પર આ કૌલ પર ગૌર કરીએ તો એ માલના નુકસાનની ગિનતી છે કે જે વક્ત એમાંથી ઝકાતને નીકાલી દેવામાં આવે. પણ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો ઈરાદો એ છે કે, આ તો ઝકાતનો માલ છે કે જે તેના હાથમાં નથી રહેતો કે અગર અલ્લાહતઆલા એ એને નીકાલવાનું જ વાજિબ કીધેલું છે અને તેના નીકાલવા બાદ જે માલ બાકી રહ્યો તે એજ માલ છે જે બીજા લોગો વાસ્તે તેના હાથમાં અલ્લાહની અમાનત છે. લેહાઝા ઝકાત જેને સદકાનું પણ નામ આપવામાં આવે છે, તે લોગો પર વરસમાં એક વક્ત એના તરહ તરહનાં માલમાં વાજિબ થાય છે જેને રસૂલે ખુદા (સ.અ.વ.વ.) અદા લેતા હતા. **અઇમ્મતે હક્ક તે વાસ્તે લોગોને પાસેથી ફરઝી તૌર પર ઝકાત લેતા હતા અને તે કોઇ જે ઝકાતને રોકે એનાથી જેહાદ કરતા હતા.** કેમકે અલ્લાહતઆલાએ લેવાનું ફરમાન કીધું હતું અને અઈમ્મતે હક્ક જે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના મકામે રિસાલત પર પધારા એ લોગોએ પણ આ અમલ જારી રાખો. અગર આ સહી ન હોત તો ખલીફએ અવ્વલ બનુ હનીફાના કબીલામાં લશ્કરને ખૂંરેઝી કરવા ન મોકલેત પણ તે લોગોએ ઝકાતના માલને રોકી લીધો હતો તેથી. જ્યારે બીજાઓ ઝકાતના માલને લેવાનો પોતાનો હક્ક સમઝતા હતા તો અઈમ્મતે હક્ક (અ.સ.) તો એ અમલ કરવામાં ઝિયાદહ હક્કદાર હતા અને ઈન્કાર કરનાર પર ઝિયાદહ સખત કદમ લેવા વાસ્તે મુખ્તાર હતા. ★

## -::: તસ્બીહ :::-

ખૌફથી હર વક્ત અમાન મીલે, કમ્ઝોરી દૂર થાય, જિસ્માની અને રૂહાની તાકત હાસિલ થાય, હર કામમાં અલ્લાહતઆલાથી મદદ મીલતી રહે, બેચૈનીથી સુકૂન થાય અને હર કિસ્મના ખતરાથી આઝાદી મીલે તેના વાસ્તે મુમેનીન-મુમેનાત તેમજ નૌનિહાલ નીચે આપેલી તસ્બીહ હર વક્ત કરા કરે :

**"લા હૌલા વલા કૂવ્વતા ઇલ્લા બિલ્લાહિલ અલીયિલ અઝીમ"**

માઅના : નથી કોઈ તાકત કે કૂવત મગર અલ્લાહની મદદથી જે ઘણો બલંદ અને અઝીમ છે. ★

**બદતરીન કમાઈ વ્યાજનો પૈસો છે.**

# –::: મદીનતુલ મસાઈલ :::–

## : ઝકાત :

**સવાલ-૧ : ઝકાતની શું માઅના છે ?**

**જવાબ** : ઝકાતની માઅના માલો દૌલતને પાક કરવાની અને બરકત બખશવાની છે. ઝકાતની માઅના ચોખ્ખા કરવાની છે અને ચોખ્ખાઈ તે જ વક્ત આવે કે મેલ-નાપાકી-ગલાઝત નીકાલી નાખવામાં આવે, તો માલમાંથી ઝકાત નીકાલવી તે માલમાંથી મેલ નીકાલા મુજબ છે. જે શખ્સ પોતાના માલની ઝકાત અદા કરે તો તેથી અલ્લાહતઆલા અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ફરમાનને બજા લાવવું છે. તેના માલમાં બરકત, ઈઝાફો અને વધારો થાય છે સબબ કે ઝકાતના માલથી જે હાજતમંદો ને મદદ પહોંચે છે તે એક ખૈર કામ અંજામ અપાય છે જેના ખૈરની જઝા અલ્લાહતઆલા તરફથી મીલે છે. ઝકાતનું નીકાલવું એક સખાવત છે જેની તૌસીફ અને તાઅરીફ હરએક મઝહબમાં આવી છે. જે શખ્સને વાસ્તે અલ્લાહતઆલા દુનિયા અને આખેરતની ખૈરો બરકતનો ઈરાદો કરે છે તેને નઝદીક રાતમાં એક ફરિશ્તાને મોકલે છે જે તે શખ્સના સીનાને સલાવે છે જેથી તે ઝકાત અદા કરવા પર આમાદા-તૈયાર થઈ જાય છે. ઝકાતનો માલ જમા થાવાથી દાઅવતે હક્કના ઘણી તરહના કામો અંજામ અપાય છે અને તેથી ઝકાત આપનારો કંજૂસીના ઐબથી પાકો સાફ થઈ જાય છે અને તે જેટલી ઝકાત આપે છે એટલી તેના માલમાં કુશાદગી-બરકત હાસિલ થાય છે. ચોરી, આગ અને સૈલાબના ખૌફથી માલ મેહફૂઝ રહે છે.

**સવાલ-૨ : ઇબાદતગુઝારની કેટલી નિશાનીઓ છે ?**

**જવાબ** : ઈબાદતગુઝારની ત્રણ નિશાનીઓ છે : (૧) રોઝું (૨) ઝકાત અને (૩) તહજ્જુદ.

**સવાલ-૩ : ઝકાત આપવી શું કામ ફરઝ થઇ છે ?**

**જવાબ** : અલ્લાહતઆલાએ સાહબે માલ-મિલકીયત વાલા ઉપર ઝકાતને ફરઝ કીધી છે જેથી ઝિંદગીમાં માલી તંગીવાલાઓ ને ખર્ચ કરવું આસાન થાય અને પરવરિશ બરદાશ્ત થાય. અગર માલદારો પર ઝકાત નીકાલવી વાજિબ ન થાતી તો હાજતમંદોની હાજત બર ન આવતી. માલ બગૈર દુનિયા અને દીનના કામકાજ પૂરા કરવામાં તકલીફ મેહસૂસ થાતી અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની રિસાલતની દાઅવતની નશ્રો ઈશાઅતમાં કચાશ રહી જાતી.

**સવાલ-૪ : કોઇ શખ્સ ઝકાત રોકી રાખે યા છુપાવી રાખે તો એમાં શું ફરમાન છે ?**

**જવાબ** : માલની ઝકાત રોકવાથી માલ ઝિયાદહ થાતો નથી અને તેની ઝકાત આપવાથી તે કમ થાતો નથી. જે માલમાંથી ઝકાત નીકાલાતી નથી તે માલ તેના સાહબને સાઁપ મુજબ ઝેહરીલો ડંખ મારે છે. તેથી ઝમાનાના ઈમામથી માલની ઝકાતને છુપાવવાની મનાઈ આવેલી છે. જે કોઈ છુપાવે તો તેના દિલનો નિફાક-કીનો ઝાહિર થાય છે.

**સવાલ-૫ : રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઝમાનમાં ઝકાત કૌન લેતું હતું ?**

**જવાબ** : ખુદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ઝકાત તલબ કરતા હતા અને જે જગા પર આપ જઈ નહોતા શકતા તે જગા પર આપના આમિલોને ઝકાત ઉઘરાવવા મોકલતા હતા અને તે બાદ ખુદાતઆલાએ જે જે બાબતોમાં ઝકાત ખર્ચ કરવાનો હુકમ આપો છે તેમાં જ ખર્ચ કરતા હતા અને કારે રિસાલત બાખૂબી ચલાવતા હતા.

**સવાલ-૬ : રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઇન્તેકાલ પુર મલાલ બાદ ઝકાત લેવામાં આવતી હતી ? ઝકાત લેવાનો હક્ક કોનો હતો ?**

**જવાબ** : આપ (સ.અ.વ.વ.) ના વફાત બાદ આપના મકામમાં જેઓ હક્કદારનો હક્ક ગસબ કરીને ઝબરદસ્તીથી આવા તેઓએ લોગો પાસેથી ઝકાત લીધી. પણ હકીકતમાં આ હક્ક તો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના કાઈમ-મકામ હક્કના ઈમામોનો જ હતો. જે મુખ્લિસ શીઆઓએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની આલે અત્હર (અ.સ.) ના ઈમામોને ઝકાત આપી તેઓએ અલ્લાહના ફરમાન મુજબ ખર્ચ કીધી.

*(બકીયાહ પેજ નં. ૯ પર)*

**મોટીમાં મોટી ખતા જૂઠું બોલવું છે.**

(પેજ નં. ૮ નું બાકી) ***મદીનતુલ મસાઈલ : ઝકાત .....***

**સવાલ-૭ : ઝકાતના હક્કદારો કેટલા છે ?**

**જવાબ** : કુરઆને કરીમની રોશનીમાં અહલુલ બૈત (અ.સ.) ના હક્કથી જેઓને ઝકાત તકસીમ કરવામાં આવે એના ખુલાસા દાઅવતે હક્કની તાવીલ-તન્ઝીલની કિતાબોમાં બયાન થયેલા છે. આપ તમામે ફરમાવેલું છે કે, ઝકાત લેનારાઓમાં મિસ્કીન, ફકીર, ઈમામે બરહક્ક તરફથી ઝકાત ઉઘરાવનાર આમિલ, એક કબીલાના સરદારો કે જેના હુકમને માતહત કબીલાના ઘણા લોગો રહેતા હોય, ખંડણીનાં ગુલામ હોય કે જેનું દેવું આપીને એને કેદખાનામાંથી છોડાવવામાં આવે, સરકારના ઝુલ્મથી જે કરઝદાર થાય યા કોઈનો ઝામિન થાય યા કોઈનો હવાલો લે, ઈલ્મી-અમલી-કલમી અને મૈદાની જેહાદનો ખર્ચ, હજ્જ અને દાઅવત વાસ્તે ખૈરના કામો, જે શખ્સ ખુદાના કામમાં નીકલો હોય અને તે રસ્તામાં લુંટાઈ જાય અને એના પાસે કઈ ન બચે તે, મોહતાજ કે જેના પાસે ઘરબાર-માલ સામાન ન હોય, ફકીર કે જેના પાસે થોડું હોય પણ સવાલ ન કરી શકતો હોય, તે લાગવગીયો શખ્સ કે જે પૈસા લઈને ખુશ થઈને અહલે બૈત (અ.સ.) ના અકીદામાં શામિલ થાય અને બીજાને પણ દાખિલ કરે, એવો ફિત્નાપરવર શખ્સ કે જે મુમેનીનમાં ફસાદ કરતો હોય અને તેને પૈસા આપી સહી અકીદા પર કાઈમ રાખી શકાતો હોય. આ તમામ અને બીજા તરીકાઓમાં ઝમાનાના ઈમામ-દાઈનો કુલ્લી તૌર પર ખર્ચ કરવાનો ઈખ્તિયાર છે, જેમ લોગો ઉપર ઝકાત અદા કરવાનું ઈલાહી ફરમાન છે.

**સવાલ-૮ : ઝકાત આપવા વાસ્તે લાઇક કૌન કહેવાય ?**

**જવાબ** : પહેલે મુમિનને ઝકાત લેવાનો હક્ક છે અને તે બાદ એવો શખ્સ જે અહલે બૈત (અ.સ.) થી અદાવત ન રાખતો હોય. ગૈર અકીદાના મસ્જિદ-મદ્રસામાં માલ આપવો ન જોઈએ. અગર કોઈ પોતાના તરફથી આપે તો તે સદકો કહેવાય, એમાં ઝકાતનો સવાબ મીલતો નથી.

**સવાલ-૯ : સદકા અને ઝકાતમાં શું ફરક છે ?**

**જવાબ** : માલની ઝકાત, અગર ૨૦૦ દિરહમ અને ૨૦ દીનારને ઉપર માલ પહોંચે તો જ ફરઝ છે. આ લીમીટને ઉપર અગર ૧૦૦ દિરહમ જમા થાય તો ૨.૫ દિરહમ ઝકાત વાજિબ થાય છે. ઝકાત એક મુકર્રર શુદા વક્ત શહરૂલ્લાહમાં જ દાઅવતના સાહબને ઝાહિરી તૌર પર ગિન્તી મુજબ જ અપાય. ઝકાત સોના-ચાંદી, ઢોર-ઢાંખર, ચોપાયા અને અનાજ ઝમીનમાંથી જે ઉગે તેના પર એના નિસાબ મુજબ જ કેલક્યુલેશનથી મુકર્રર કરવામાં આવી છે.

જેની જેટલી તાકત હોય તે શહરૂલ્લાહમાં યા તેને સિવાયના મહીનાઓમાં મખ્ફી તૌરથી ફકીર-મોહતાજને સદકો આપી શકે છે. પોતે પોતાના હાથથી એ મુજબ સદકો કરે કે જમણા હાથથી કીધેલા સદકાની ખબર ડાબા હાથને પણ ન થાય, એટલી હદ તક છુપી રીતે સદકો કરે. સદકો આપવા વાસ્તે કોઈ વક્ત યા કોઈ ગિન્તી મુકર્રર નથી. હવે કોઈ અહમક શહરૂલ્લાહમાં પોતે મિસ્કીન-ફકીરને પૈસા તકસીમ કરે અને તેના ઉપર ઝકાતનું લેબલ લગાડે તો એવી મિસાલ ખોટી ન કહેવાય કે તે સેલ્સ ટેક્ષની ઓફિસમાં ઈન્કમ ટેક્ષ ભરી રહ્યો છે. તે ઝકાતના સવાબથી અને માલની પાકીથી તો મેહરૂમ રહે જ છે પણ અમાનતમાં ખયાનત કરે છે. નમાઝની અદાયેગી જે મુજબ મીસાકના સાહબ સાથે જોડાયેલી છે તે જ મુજબ ઝકાતની અદાયેગી છે. જે માલની ઝકાત વાજિબ થાતી હોય અને તે અદા કરવામાં ન આવે અને તે નાપાક માલથી જમન જમવામાં આવે તો તેનાથી જિસ્મ નાપાક થાય છે અને આ નાપાકી સાથે કીધેલા કોઈ પણ અમલમાં અલ્લાહતઆલાથી બરકતો ખૈરની ઉમ્મીદ મિટી જાય છે. સદકાની પૂછની નથી પણ ઝકાતની પૂછની છે, સદકો નાફેલતમાં ગીનાય છે અને ઝકાત ફરઝમાં ગિનાય છે. તો કોઈ એવો શખ્સ હોય કે જે નાફેલતને ફરઝના નામથી પઢે ? શરીઅતના હર હુકમની એક ખાસીયત છે તો હર મુખ્લિસ મુમિનને તે ખાસીયતની માઅરેફત કરવી જોઈએ.

**સવાલ-૧૦ : ઓછામાં ઓછું કેટલું સોનુ હોય કે જેમાંથી ઝકાત આપવી વાજિબ થાય છે ?**

(બકીયાહ પેજ નં. ૧૦ પર)

**અશરફથી અશરફ મૌત, શહીદની મૌત છે.**

*(પેજ નં. ૯ નું બાકી)*

***મદીનતુલ મસાઈલ : ઝકાત .....***

**જવાબ** : ૨૦ તોલા યાઅની કે ૨૦ મિસ્કાલ યા ૨૦ દીનાર સોનુ હોય તો ફક્ત ૦.૫ તોલા/મિસ્કાલ/દીનાર આપવું વાજિબ થાય છે.

**સવાલ-૧૧ : ૧ તોલા/મિસ્કાલનું કેટલું વઝન થાય છે ?**

**જવાબ** : ૧ મિસ્કાલ સોનાનું વઝન ૧૨ વાલ/માશા થાય છે, યાઅની ૧૦ ગ્રામ.

**સવાલ-૧૨ : ચાંદી વાસ્તે ઝકાતનો શું કાનૂન છે ?**

**જવાબ** : ૨૦૦ દિરહમ હોય તો ઝકાત વાજિબ થાય છે. અગર આનાથી ઝિયાદહ દિરહમ શહરૂલ્લાહમાં કોઈ શખ્સ પાસે જમા થાય તો ૧૦૦ દિરહમ ઉપર ૨.૫ દિરહમની ઝકાત આપે.

**સવાલ-૧૩ : ઝૈવર, જવાહેરાત યા કીમતી પત્થરની ઝકાત કઇ તરહ આપે ?**

**જવાબ** : જે ઝૈવર યા જવાહિર ઘરમાં પહેરવાના કામ વાસ્તે રાખવામાં આવે તે પર ઝકાત આપવી વાજિબ થાતી નથી. પણ ઝરૂરતથી વધારે રોકડા પૈસાથી તે ખરીદે અને લોકરમાં યા ઘરમાં મુકે અને તેની કીમત ઉંચી થાવાની વાર જોઈ યા એ ચીઝોથી વેપાર કરતો હોય અને પૈસાની લૈન-દૈનમાં આપતો હોય તો ઝકાત વાજિબ થાય છે.

**સવાલ-૧૪ : ઝકાત ક્યારે વાજિબ થાય છે ?**

**જવાબ** : એક વક્ત કોઈ માલની ઝકાત આપી હોય અને પૂરૂં વરસ ફીરી ગયા પછી પણ એ માલ બાકી રહે તો તે પર ઝકાત આપવી વાજિબ થાય છે.

**સવાલ-૧૫ : ઝકાત અને ખુમ્સમાં શું ફરક છે ?**

**જવાબ** : ખુમ્સ પોતાના માલમાંથી નાઈબે ઈમામુઝઝમાન (અ.સ.) ને ઝિંદગીમાં એક વક્ત પાઁચમો હિસ્સો અદા કરવાને કહે છે. આના વાસ્તે કુરઆને કરીમમાં ગનીમત લફ્ઝનો ઈસ્તેમાલ થયો છે જેની માઅના એ થાય છે કે જે જગા પરથી માલી ફાયદો થાવાની કોઈ ઉમ્મીદ ન હોય પણ માલ એકાએક હાથ લાગે અને જેટલી વાર હાથ લાગે તેટલી વાર ખુમ્સ આપવાનો હુકમ છે. ઝકાત હર વરસ શહરૂલ્લાહમાં નાઈબે ઈમામુઝઝમાન (અ.સ.) ને આપવી વાજિબ થાય છે. ખુમ્સ એક વક્ત નીકાલી ચુકા હોય અને દોબારહ માલમાં એકાએકની આમદની યા ફાયદો થાય તો તેને નીકાલવું લાઝિમ થાય છે. ઝકાત અલ્લાહતઆલાએ પોતાના બંદાઓ પર સાહબે દાઅવતને આપવાનું ફરઝ કીધું છે અને સાહબે દાઅવતને તેને ખર્ચ કરવાનો ઈખ્તિયાર આપો છે. ખુમ્સમાં બંદાને અને સાહબે દાઅવતને દરમિયાન લૈન-દૈન હોય છે જેમાં રદ્દો બદલની ગુંજાઈશનો ઈખ્તિયાર સાહબે દાઅવતની નઝરે કરમ અને અતા પર હોય છે.

**સવાલ-૧૬ : જાનવરો અને અનાજમાં કઇ કઇ ચીઝોમાંથી ઝકાત આપવાનો હુકમ આવો છે ?**

**જવાબ** : ઊંટ, ગાય અને બકરામાં ઝકાત આપવાનો હુકમ છે અને ઝમીનમાંથી જે ઊગે, અનાજ પૈદા થાય એ તમામમાંથી ઝકાત આપવાનો હુકમ છે. અગર અનાજમાંથી અનાજ યા બકરામાંથી બકરા આપી શકતો હોય તો આપે નહી તો તેની કીમત અદા કરે.

**સવાલ-૧૭ : અનાજની ઝકાત કઇ તરહ ગીને ?**

**જવાબ** : વરસાદ અને નદીના પાનીથી ખેતી થાય અને અનાજ ઝમીનથી ઊગે તેનો દસમો હિસ્સો (૪૫ મણ માંથી ૪.૫ મણ) ઝકાતમાં આપવામાં આવે અને જે ચીઝો કે ડોલ યા કોસથી યા કોઈ બીજા ઝરીઆથી મેહનતકશી કરીને પાની લાવવામાં આવું હોય અને તે પાની પીવડાવી સીંચાઈ કીધી હોય તો દસમાં હિસ્સાનું અડધું (૪૫ મણમાંથી ૨.૨૫ મણ) ઝકાત તરીકે આપવામાં આવે.

**સવાલ-૧૮ : ઝકાતુલ ફિત્ર (ફિતરો) યાઅની શું ?**

**જવાબ** : ઝકાતુલ ફિત્રને ઝકાતુર રાસ પણ કહેવાય છે યાઅની કે માથા યા એક શખ્સની ઝકાત. ફિતરતનો મતલબ છે, જિસ્માની પૈદાઈશની ઝકાત જે ઈદુલ ફિત્ર પહેલા શહરૂલ્લાહિલ હરામમાં દાઈયુઝઝમાનને અદા કરવામાં આવે.

*(બકીયાહ પેજ નં. ૧૧ પર)*

**બદતરીન શરમિંદગી, કયામતના દિનની શરમિંદગી છે.**

*(પેજ નં. ૧૦ નું બાકી)*　　***મદીનતુલ મસાઈલ : ઝકાત .....***

**સવાલ-૧૯ : ફિતરો કોનાથી લેવામાં આવે ?**

**જવાબ** : ફિતરો ઘરના મરદો, બૈરો, બચ્ચાઓ, જે મૈયેતની વરસી ન થઈ હોય, બૈરોના હમલનો, ગુલામ યા આઝાદ ખાદિમનો હરએકના માથા પર લેવામાં આવે.

**સવાલ-૨૦ : ઝકાતુલ ફિત્ર કઇ તરહ ગણવામાં આવે ?**

**જવાબ** : અહલુલ બૈત (અ.સ.) ના બયાન મુજબ ઝકાતુલ ફિત્ર ઝમીનમાંથી અનાજ યા ફલ યા સૂકા મેવાનું સાડા ત્રણ કીલોના વઝનની કીમતનો ફિતરો લેવામાં આવે. આ વાસ્તે બયાન છે કે, ઈન્સાન પોતાના ઘરમાં જે ઉમ્દામાં ઉમ્દા ચીઝ જમતો હોય અને એ જ જમવાની ચીઝોમાં કીમતીમાં કીમતી ચીઝોનો ઘરમાં ઝખીરો રાખતો હોય તે ઉપર બતાવેલા વઝન મુજબનો ફિતરો દાઈએ હક્કને અદા કરે.

**સવાલ-૨૧ : નઝરૂલ મકામ શું ચીઝ છે ?**

**જવાબ** : નઝરૂલ મકામ, આલે મોહંમદ (અ.સ.) ના સિલસિલાના ઈમામે બરહક્કના મકામે આલીના નામ પર નઝરો મિન્નત માનવાને કહે છે. અહલે ઈમાનને નઝદીક ઈમામુઝઝમાન (અ.સ.) નો વુજૂદ આ દુનિયામાં સાબિત છે અને મુમેનીનના આપ મૌલા હાફિઝ અને હાજતરવાં હોય, આપના નામ પર માનેલી નઝર મુમેનીન વાસ્તે કારગર છે.

**સવાલ-૨૨ : નઝરૂલ મકામ કોને અદા કરે અને એને કયા હિસાબે માને ?**

**જવાબ** : ઈમામુઝઝમાન (અ.સ.) ના મકામે આલીના નાઈબ હાલમાં દાઈયુઝઝમાન સૈ.વ.મૌ. તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) છે. નઝરૂલ મકામ, ઈમામે ઝમાનાની ગૈરહાઝરીમાં આપના નાઈબ ને જ અદા કરાય. જો કોઈ શખ્સ આ નઝરને બીજે જગે આપે યા સદકો કરે તો તેએ અમાનતમાં ખયાનત કીધી કહેવાય. નઝરૂલ મકામની રકમ જમા થાય તો વરસના કોઈ પણ દિનમાં એને દાઅવતના મરકઝ પર અરઝ કરી શકાય છે. પણ શહરૂલ્લાહમાં આ નઝરને દાઅવતના મરકઝ પર આવી સૈયેદનલ મન્નાન હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ના દસ્તે મુબારક પર અરઝ કરવું અને આપથી તબર્રૂક લેવા સવાબનો બાઈસ છે. આ નઝરનો હિસાબ પોતાની માલી હૈસીયત પર હોય છે અને અકીદતમંદી પર મુન્હસિર હોય છે. જેટલું ઝિયાદહ અરઝ કરે એટલી બરકતો રેહમતનો ઝિયાદહ હક્કદાર બને. ★

## –::: આઈનએ દરસે તૈયેબી :::–

✷ જે સાહબ પર ગુઝરનાર સાહબે નસ્સે જલી કીધી હોય, મન્સૂસ બનાવા હોય, દાઅવતના માલિક બનાવા હોય તે જ ગુઝરનાર સાહબની તજહીઝો તકફીન (કફન-દફનની તૈયારી) કરી શકે છે. ગરઝ કે મૌ.અલી (અ.સ.) એ રસૂલે અકરમ (સ.અ.વ.વ.) ની તજહીઝો તકફીન કીધી, તેમજ ઈમામૈન હસનૈન (અ.સ.) એ આપના બાવાજી મૌ.અલી (અ.સ.) વાસ્તે અમલ કીધો.

✷ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ બાદ મૌ.અલી (અ.સ.) એ સૌથી પહેલું કામ કુરઆને કરીમની આયતો-સૂરતોને રસૂલુલ્લાહના ફરમાન મુજબ એની શાને નુઝૂલના હિસાબે તરતીબ આપવાનું કીધું. **આપ બોલતા કુરઆન હતા** અને કુરઆનને એની અસ્લી હાલતમાં રાખવાની આપના માથા પર એક મોટી ઝિમ્મેદારી હતી. આજે આ કુરઆને હકીકીનું ઈલ્મ આપના લાડલા ઈમામુઝઝમાન (અ.સ.) પાસે મૌજૂદ છે.

✷ હર ઘરમાં દાખિલ થાવાનો એક દરવાઝો હોય છે તેમ નમાઝમાં દાખિલ થાવાનો દરવાઝો **"તકબીરતુલ એહરામ"** છે, યાઅની નિય્યત લીધા બાદ **"અલ્લાહો અકબર"** કહેવું. ઘરમાં દાખિલ થયા બાદ બાહરના ફિત્ના-ફસાદથી અમાન મીલે છે, એ જ મુજબ નમાઝમાં દાખિલ થયા પછી શયતાનના ફિત્નાથી અમાન મીલે છે. તકબીરતુલ એહરામ બાદ નમાઝ સિવાયની જિસ્મના આઅઝાની હરકતો બંધ થઈ જાય છે. નમાઝ દાઅવતનો એક હિસ્સો છે લેહાઝા કોઈ મુમિન દાઅવતમાં દાખિલ થાય છે તો એને અમાન મીલે છે, ફિત્નાખોરીથી દૂર થાય છે અને શરીઅત સિવાયની ખરાબ હરકતો બંધ થઈ જાય છે. ★ (ખાસ નોંધ : પેજ નં. ૩ પર.)

**અફઝલ સદકો, સાચી વાત કહેવી છે.**

# –::: મદીનતુલ મસાઈલ :::–

## : રોઝા :

**સવાલ-૧ : રોઝા તમામ થાવાની કેટલી શરતો છે ?**

**જવાબ** : (૧) રોઝા રાખવાની દિલ અને ઝબાનથી પાકી નિય્યત. (૨) દિનમાં જમવા અને પીવાથી દૂર રહેવું. (૩) બૈરોથી હમબિસ્તરી મૌકૂફ રાખવી. (૪) તમામ હરામ ચીઝો જે શરીઅતમાં કરવી મમ્નૂઅ છે તે કરવાથી જિસ્મના આઅઝાને દૂર રાખવા. આ તરહ જે શખ્સ રોઝુ રાખે તો તેનું રોઝું તમામ કહેવામાં આવે અને અગર નહીં તો તે રોઝું નાકિસ-કુસૂરવાલું છે. બીજું એ કે જે શખ્સ ઝમાનાના ઈમામનો નાફરમાન થાય, હક્કના દાઈની માઅરેફતને મુકી દે યા ગુલામ એના માલિકને દગો દઈ નાસી જાય યા ઔલાદ પોતાના માઁ-બાપની ખિદમત ન કરે યા બૈરો એના મરદની તાઅતથી મોં ફિરાવે તો એ સઘલાઓના રોઝા મકબૂલ નથી.

**સવાલ-૨ : રોઝા કોના વાસ્તે છે અને શું કામ છે ?**

**જવાબ** : રોઝા અલ્લાહતઆલાને વાસ્તે છે અને એનો સવાબ એ જ આપનાર છે. બંદો જે વક્ત રોઝું રાખે છે તો ૭૦ શયતાનનાં જબડા કચડાઈ જાય છે. જેમ હર ચીઝની ઝકાત હોય છે તેમ જિસ્મની ઝકાત રોઝું છે, જે રમઝાનુલ મોઅઝ્ઝમના ૩૦ અય્યામમાં અદા કરવામાં આવે છે.

**સવાલ-૩ : રમઝાનના રોઝા રાખવાની તાકીદ કુરઆનમાં કઇ જગા આવેલી છે, એમાં કોઇ રેહાઇ-રૂખસત છે ?**

**જવાબ** : સૂરતુલ બકરાહમાં અલ્લાહતઆલાએ મુસલમાન મરદ-બૈરો પર રોઝા ફરઝ કીધેલા છે જેમ આગલા નબીયોની ઉમ્મત પર ફરઝ કરવામાં આવા હતા. અલ્લાહતઆલાએ આ ફરઝના રોઝાઓની ગિન્તી મુકમ્મલ કીધેલી છે યાઅની કે ૩૦ દિનોના જ રોઝા ફરઝ કરવામાં આવા છે. અગર કોઈ જાણી જોઈને રોઝું ન કરે તો એના પર ૬૦ મિસ્કીનને જમાડવું યા ૨ મહીનાના મુસલસિલ રોઝા કરવા ફરઝ છે. ફક્ત બીમાર અને મુસાફિરના રોઝા ફૌત થાય તો એટલી જ ગિન્તીના રોઝા બીજા દિનમાં વાલે. કારેઈન આ વાસ્તે વધારે સમઝ જોઈતી હોય તો દાઅવતની વઝારત પર અરઝ કરી શકે છે.

**સવાલ-૪ : રોઝા ઇફતારીનો વક્ત કયો છે ?**

**જવાબ** : સૂરજ મગરિબના જાનિબમાં બરાબર ગુરૂબ થાય તે વક્ત રોઝા ઈફતાર કરવાનો હુકમ આવેલો છે. દાઅવતે શરીફાહની નહેજ મુજબ મગરિબના ફરઝ બાદ "અલ્લાહુમ્મા લકા સુમ્ના" ની દોઆ પઢ્યા બાદ રોઝું છોડે, એમાં તાખીર કરે નહીં યા અઝાન યા મગરિબના ફરઝ પહેલા પણ રોઝું ઈફતાર કરે નહીં. પાછલી રાતે સહેરીમાં તાખીર કરવામાં સવાબ છે.

**સવાલ-૫ : સહેરીનો આખરી વક્ત કયો છે ?**

**જવાબ** : મશરિક (પૂર્વ) ની જાનિબથી લંબા દોરા અને ચિરાગની મિસ્લ રોશની નઝર આવે જેને "ઝંબુસ્સરહાન" કહેવાય છે તે વક્ત તક સહેરી કરવાનો હુકમ છે. આ સિવાય સૂરજ ઉગવાને અંદાઝે દોઢ કલાક પહેલા અને શફા-વતર-જુલૂસની નમાઝના આખિરી વક્ત તક સહેરી થઈ શકે છે.

**સવાલ-૬ : શહરે રમઝાનનું પહેલું રોઝું યાઅની ઇબ્તેદાએ રમઝાન અને શહરે રમઝાનનું ઇફતાર યાઅની ઇખ્તેતામે રમઝાનની ૩૦ અય્યામની ગિન્તીનો શું નિઝામ છે ?**

**જવાબ** : હર મહીનાની ઈબ્તેદા તેમજ ઈદુલ ફિતર અને ઈદુલ અઝહાની તારીખ મુકર્રર કરવાનો કુલ્લી નિઝામ ઈમામે ઝમાનાના હાથમાં હોય છે. આ બુનિયાદી અકીદા મુજબ ઈમામ પોતાના તાબેઈન-માનનારાઓને દરમિયાન તેહરીરી એલાને ખાસ કરે છે જે હાલના ઝમાનામાં કેલેન્ડરની શિકલમાં તૈયાર છે. લેહાઝા ઈમામના રોઝાથી રમઝાનનું રોઝું રાખે અને ઈમામના ઈફતારથી ઈદુલ ફિતર મનાવે. ઝાહિરી લોગોના અમલ સાથે અહલુલ બૈત (અ.સ.) ના મઝહબ પર ગામઝન મુમેનીનને કોઈ સરોકાર નથી.

**સવાલ-૭ : જે શખ્સ જાણી જોઇને શહરૂલ્લાહનું રોઝું છોડી નાખે તો એના કફફારાનો શું હુકમ છે ?**

*(બકીયાહ પેજ નં. ૧૩ પર)*

**ઉમ્મતની આઅલા ઈબાદત કુરઆનને પઢવું છે.**

*(પેજ નં. ૧૨ નું બાકી)* ***મદીનતુલ મસાઈલ : રોઝા .....***

**જવાબ** : એનાથી બની શકે તો એક ગુલામ આઝાદ કરે યા બે મહીનાના એક સાથે રોઝા રાખે યા ૬૦ મિસ્કીનને જમાડે. આ ત્રણ ચીઝોમાંથી કોઈ પણ ચીઝ ન બની શકે તો અલ્લાહની બારગાહમાં તૌબા કરી માફી તલબ કરે. જે વક્ત પણ કફ્ફારો આપવાની તાકત વાલો થાય તો તે કફ્ફારતુઝ ઝોનૂબને દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ને અદા કરે અને જે દિનનું રોઝું છોડી નાંખુ હોય તે રોઝું વાલે.

**સવાલ-૮ : જે શખ્સ રમઝાનમાં રોઝાની હાલતમાં પોતાના બૈરોથી લહવો લઅબ (રમત) કરે અને તેના સબબ મની નીકલી જાય યા હમબિસ્તર થાય તો એના રોઝાનું શું ?**

**જવાબ** : તે દિનનું રોઝું વાલે અને કફ્ફારો આપે. રોઝદાર વાસ્તે અવ્વલ તો એ છે કે, બૈરો સાથે એહતેયાત થી પૈશ આવે અને એવી રમતબાઝી કરવાથી દૂર રહે.

સવાલ-૯ : જે બૈરો સૂતા હોય અને બે-ખબર હોય, આ હાલતમાં મરદ તેના સાથે ઝબરદસ્તીથી તેની મરઝીને ખિલાફ રોઝાની હાલતમાં કરીબ થાય તો શું હુકમ છે ?

જવાબ : મરદ રોઝુ વાલે અને કફ્ફારો આપે. બૈરો પર કોઈ ચીઝ લાઝિમ થાતી નથી.

**સવાલ-૧૦ : રોઝાના કફ્ફારામાં એક મિસ્કીનને કેટલું અનાજ યા જમન આપે ?**

**જવાબ** : એક દિનના રોઝાના કફ્ફારામાં મિસ્કીનને ત્રણ કિલો ઘઊં આપે જો અગર એનાથી એટલું ન અપાય તો દોઢ કિલોથી કમ ન આપે. કફ્ફારામાં જમનના ખર્ચનો અંદાઝો એક શખ્સના જિસ્મો જાનના ઝકાતુલ માલ યાની કે ફિતરા જેટલો ખર્ચ હોય છે.

**સવાલ-૧૧ : શહરે રમઝાનની રાતમાં બૈરો સાથે હમબિસ્તરી કીધી હોય અને ફજર થાતા તક બેવે જણા સૂઇ રહે અને ગુસુલ ન કરે તો તેમાં શું હુકમ?**

**જવાબ** : હમબિસ્તરી કીધા બાદ સૂઈ રહે અને ફજર થયા બાદ ગુસુલ કરે તો તેની ખુદાતઆલાથી માફી તલબ કરે. તે દિનનું રોઝું તમામ કરે અને બીજુ એક રોઝુ વાલે અગર ફજર થયા પહેલા ગુસુલ કરી લે તો તેનું રોઝુ સહીહો સલામત છે. અગર ફજર તક જનાબતની હાલતમાં ભૂલથી અને ઊંઘ ગાલિબ આવવાના સબબ સૂઈ રહે તો જે વક્ત જાગે તે વક્ત ગુસુલ કરી લે તો તે દિનનું તેનું રોઝું સહીહો સાલિમ છે.

**સવાલ-૧૨ : રમઝાનના રોઝાને દરમિયાન કોઇ ભૂલથી ખાઇ પી લે યા બૈરોથી કરીબ થાય તો તેમાં શું હુકમ છે ?**

**જવાબ** : ભૂલથી અગર આ બેવે ચીઝ કરે તો તેનું રોઝુ દુરૂસ્ત છે. તેમાં રોઝુ વાલવુ અને કફ્ફારો આપવો લાઝિમ થાય નહીં.

**સવાલ-૧૩ : જે શખ્સ કે રોઝાની હાલતમાં મની નીકાલે તો તેમાં શું હુકમ છે ?**

**જવાબ** : તે શખ્સનું રોઝુ તૂટી જાય છે. તેના પર એક રોઝુ વાલવું અને કફ્ફારો આપવો લાઝિમ થાય છે.

**સવાલ-૧૪ : રોઝામાં ઉલ્ટી થાય તો શું કરે ?**

**જવાબ** : અગર જાણી જોઈને ઉલ્ટી કીધી હોય તો રોઝુ વાલે પણ અગર તબીઅત બિગડવાના સબબ ઉલ્ટી થઈ હોય તો તેનું રોઝુ દુરૂસ્ત છે.

**સવાલ-૧૫ : જે શખ્સે રમઝાનમાં ગફલતથી ખાઇ-પી લીધુ અને તે વક્ત ફજર થઇ ગઇ હોય તો તેમાં શું હુકમ છે ?**

**જવાબ** : આ વાસ્તે એમ બયાન આવું છે કે, જમવા-પીવા યા બૈરોથી હમબિસ્તરી કરતા પહેલા તેએ મશરિક તરફ જોયું હોય અને તે વક્ત ફજરના આસાર નઝર ન આવા હોય અને તે જમો યા હમબિસ્તર થયો તે વક્ત ફજર ઝાહિર થઈ ચુકી હોય અને તે ગફલતમાં હોય અને પછીથી એ ખબરદાર થયો હોય તો તે શખ્સનું રોઝુ દુરૂસ્ત છે. હવે અગર તે શખ્સે ફજરની તેહકીક કીધા બગૈર આમ કીધું હોય અને તે બાદ ફજર થાવાનું ઈલ્મ થયું હોય તો તે દિનનું રોઝુ તમામ કરે અને બીજુ એક રોઝુ વાલે. એ જ મુજબ અગર સમઝ અને માઅરેફત રાખનારાઓ માંથી બે શખ્સ ઊભા થાય તેમાંથી એક કહે કે, ફજર થઈ ચુકી છે અને બીજો કહે કે, ફજર થઈ નથી, આ મિસિલ

*(બકીયાહ પેજ નં. ૧૪ પર)*

**તમારામાં ભલો તે છે જે પોતાના ઘરવાલા સાથે ભલો હોય.**

*(પેજ નં. ૧૩નું બાકી)* ***મદીનતુલ મસાઈલ : રોઝા .....***

બેવેએ ખરી નઝરથી જોયું હોય તો જે શખ્સે ફજર જોઈ ન હોય તેના વાસ્તે જમવું દુરૂસ્ત છે અને જેએ ફજર જોઈ હોય તેના પર લાઝિમ છે કે, તે જમે નહિ. હવે એ બેવેમાંથી એક અગર તેઝ નિગાહવાલો હોય અને ફજરને સાફ જોઈ શકતો હોય તો બીજો તેને તાબેઅ થાય.

**સવાલ-૧૬ : રમઝાનના દિનોમાં કાજલ આંજવામાં યા દાતન કરવામાં શું હુકુમ ?**

**જવાબ** : કાજલ આંજવા બાદ અગર હલકમાં તેના સ્વાદનો અસર માલૂમ થાય યા લીલા દાંતન યા પાવડરનું મંજન યા કે ટૂથપેસ્ટનો ઝાયેકો હલકમાં માલૂમ થાય તો તે રોઝાને ફસાદદાર કરે છે. જો તેમ માલૂમ ન થાય તો તે કરવામાં રૂખસત આવેલી છે. રોઝામાં દાંતન કરવામાં પણ રૂખસત છે.

**સવાલ-૧૭ : અગર કોઇ શખ્સ ગુંદર, સરકો, શરબત, ફાલૂદો યા કે ગોશ્તના શરવામાંથી થોડી મામૂલી ચીઝ ચાખે યા કોઇ ચીઝ ચાવીને બચ્ચાના મોં માં આપે તો તે જાઇઝ થાય કે નહી ?**

**જવાબ** : જે ચીઝનો ઝાયકો હલક તક પહોંચે તો તે જાઈઝ થાતું નથી. જે શખ્સને એમ કરવાની ઝરૂરત પડે અને તે ચીઝ હલકમાં ઉતરવાનો ખૌફ ન હોય તો તેમાં હરજ નથી. ખાસ કરીને ઘરના બૈરો જે વક્ત એવી ચીઝ ચાખે તો પાનીથી મોં સાફ કરી નાખે.

**સવાલ-૧૮ : રોઝાદાર સિંગડી યા રસી મૂકાવી શકે યા નહી ?**

**જવાબ** : અગર સિંગડી મૂકાવવાથી તેને ગશ યા બેહોશી તારી થાતી હોય યા ઉલ્ટી થાતી હોય તો કરવાની મનાઈ આવેલી છે.

**સવાલ-૧૯ : ડાયાબીટીસનો બીમાર રોઝાની હાલતમાં ઇન્સ્યૂલિન લે યા નહી ?**

**જવાબ** : ડાયાબીટીસના બીમારને ડૉક્ટર તરફથી રોઝા રાખવાની રૂખસત થઈ હોય અને રમઝાનના મહીના સિવાય બીજા દિનોમાં પણ રાત-દિન ઈન્સ્યુલિન મૂકવાની ઝરૂરત પડતી હોય તો એવી હાલતમાં રોઝામાં ઈન્સ્યુલિનના ઈંજેકશન મૂકી શકાય છે. આ સિવાય તાકત વધારવાને વાસ્તે અને દિગર ઈંજેકશન મૂકી શકાય નહી જે રોઝાની શિદ્દતમાં ફરક કરતા હોય.

**સવાલ-૨૦ : રોઝાદાર ખુશ્બો સૂંઘે કે નહી અને પાનીમાં ડૂબકી મારે કે નહી ?**

**જવાબ** : અહલેબૈત (અ.સ.) તરફથી રોઝાદારને ખુશ્બો સૂંઘવાની મનાઈ આવેલી છે. ખુશ્બૂદાર તેલ યા સાબૂના ઈસ્તેમાલમાં પણ જેટલો બને એટલો પરહેઝ કરે. કબર પર ફૂલ મુકવામાં પણ પરહેઝ કરે. પાનીમાં ડૂબકી મારવાના સબબ હલકથી નીચે પાની ઉતરી જાય છે જેથી રોઝુ તૂટી જાય છે.

**સવાલ-૨૧ : રોઝામાં હુકનો (એનીમા, ઇંજેક્શનથી દવા આપી સંડાસ કરાવવાનો તરીકો) કરવાની રૂખસત છે કે નહી ?**

**જવાબ** : રૂખસત આવી નથી.

**સવાલ-૨૨ : રોઝાદાર કાનમાં તેલ નાંખે યા માખું કે તેના જેવું જાનવર ગફલતથી રોઝાદારના હલકમાં ઉતરી જાય તો શું હુકમ ?**

**જવાબ** : અગર કાનમાં નાંખેલું તેલ હલકમાં ન ઉતરે તો તેમાં રૂખસત આવી છે અને ગફલતથી માખુ યા કોઈ બીજી ચીઝ હલકમાં ઉતરી જાય તો રોઝાને નુકસાન થાય નહી.

**સવાલ-૨૩ : નમાઝ વાસ્તે વુઝૂમાં કુલ્લી કરતાં હલકમાં ગફલતથી પાની ઉતરી જાય તો શું હુકમ ?**

**જવાબ** : ફરઝની નમાઝ વાસ્તે વુઝૂમાં એમ બને તો કોઈ હરજ નથી મગર જાણી જોઈને કુલ્લી કરતા પાની હલકથી નીચે ઉતરી જાય તો રોઝુ વાલે.

**સવાલ-૨૪ : અગર કોઇ શખ્સ રમઝાનના રોઝાની ઝબાની નિય્યત લેતા ભૂલી જાય પણ દિલમાં બરાબર નિય્યત કરીને તે દિનનું રોઝું રાખવા વાસ્તે કમરબસ્તા થયો હોય તો તેના રોઝાની શું હાલત ?**

*(બકીયાહ પેજ નં. ૧૫ પર)*

**ભલી હિદાયત તે છે જેની પૈરવી થાય.**

*(પેજ નં. ૧૪ નું બાકી)* ***મદીનતુલ મસાઈલ : રોઝા .....***

**જવાબ** : જે તે દિનના રોઝાની દિલમાં પાકી નિય્યત કીધી હોય તો તેનું રોઝુ દુરૂસ્ત છે.

**સવાલ-૨૫ : રમઝાનના ગયેલા રોઝા યા કઝાના રોઝા સફરમાં થાય યા નહી ?**

**જવાબ** : એ રોઝા સફરમાં થઈ શકે છે.

**સવાલ-૨૬ : શહરે રમઝાનમાં જે શખ્સ સફર કરે તો એમાં નઝર યા મિન્નતનું રોઝુ થાય યા નહી ?**

**જવાબ** : સફરમાં એ રોઝુ થઈ શકે છે.

**સવાલ-૨૭ : જે શખ્સ પહેલી રમઝાનથી જ સફરમાં હોય તો ગયા વરસના રમઝાનના ગયેલા રોઝા સફરમાં વાલી શકે છે ?**

**જવાબ** : એ રોઝા વાલી શકાય છે.

**સવાલ-૨૮ : હૈઝદાર બૈરો કે જેના રમઝાનના રોઝા ગયા હોય અને તે કોઇ સંગીન સબબ સર ગયેલા રોઝાને વાલી ન શકે તો શું કરે ?**

**જવાબ** : તે હરએક રોઝાના બદલામાં એક એક મિસ્કીનને જમાડે. જો આ ચીઝ ન બની શકે તો દાઈયુઝઝમાનને તેની તાકત મુજબ કફ્ફારતુઝ ઝોનૂબ (કફ્ફારો) અદા કરે.

**સવાલ-૨૯ : એક શખ્સના પેટમાં દરદ ઉઠે યા દાંતમાં દરદ ઉઠે યા બીજા કોઇ અંગમાં દરદ ઉઠે તેથી દવા લેવામાં રોઝુ તૂટી જાય તો તેમાં કફ્ફારો વાજિબ થાય કે નહી ?**

**જવાબ** : ફક્ત રોઝુ વાલે, કફ્ફારો ન આપે.

**સવાલ-૩૦ : જે શખ્સ ઉમ્રભર બીમાર રહે અને દવા લેવાથી કાઇમી મોહતાજ હોય તેના રોઝાનો શું હાલ ?**

**જવાબ** : તેની તાકત મુજબ હર રમઝાનના ગયેલા રોઝાના બદલામાં હર એક દિન એક એક મિસ્કીનને જમાડે યા કે ઈસ્તેતાઅત મુજબ દાઈયુઝઝમાનને કફ્ફારો અદા કરે.

**સવાલ-૩૧ : એક શખ્સ સૂંઠ, મરચા, ધાણાજીરૂ વગૈરે એવી ચીઝ ખાંડતો હોય અને તેનો સ્વાદ રોઝાદારના હલકમાં પહોંચી જાય તો રોઝુ વાલવું પડે યા નહિ ?**

**જવાબ** : રોઝુ વાલવું પડે.

**સવાલ-૩૨ : જેના દાંતમાંથી ખૂન નીકલતું હોય અને રોઝાદાર તેને ગીલી જાય તો રોઝું દુરૂસ્ત રહે કે તૂટી જાય ?**

**જવાબ** : રોઝુ તૂટી જાય છે.

**સવાલ-૩૩ : મૈયેત તરફથી એનો વલી ગયેલા રોઝા વાલે, તો તે વલી કૌન થઇ શકે ? અગર એનો કોઇ સગાવહાલો ન હોય તો તેના તરફથી કોઇ મુમિન યા મોહબ્બતવાલો મૈયેત વાસ્તે રોઝું કરે યા નહીં ?**

**જવાબ** : મૈયેતનો નઝદીકનો યા દૂરનો જે કરાબત વાલો હોય તે એનો વલી થઈ શકે તેમ જ એની તરફથી જો કોઈ વલી ન હોય તો કોઈ મુમિન યા એનો મોહબ્બત વાલો એના રોઝા વાલે તો તેમાં રૂખ્સત આવી છે.

**સવાલ-૩૪ : એક શખ્સના રમઝાનના રોઝા બીમારીના સબબ ફૌત થયા હોય અને બીજા રમઝાન આવે વહાઁ તક એને શિફા ન થાય તો શું કરે ?**

**જવાબ** : જે રમઝાનના રોઝા ન કીધા હોય એ તમામ રોઝાને વાસ્તે ૩૦ મિસ્કીનને જમાડે યા પોતાની તાકત મુજબ દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ને કફ્ફારો અરઝ કરે.

**સવાલ-૩૫ : એક શખ્સને શહરૂલ્લાહના ગયેલા ફરઝના રોઝા વાલવા પહેલા એને અહદો મીસાકના રોઝા કરવા હોય તો એ અહદના રોઝા કરી શકે કે નહીં યાઅની આ અહદો મીસાકના રોઝામાં જદીદ મીસાક અને ૧૮ મી ઝિલહજ્જનો મીસાક શામિલ છે ?**

**જવાબ** : ફરઝના ગયેલા રોઝા વાલે તે બાદ અહદે ઈમામુઝઝમાન (અ.સ.) ના રોઝા કરે.

**સવાલ-૩૬ : ઝિલહજ્જ મહીનામાં ૧૮ મી તારીખ પહેલા રમઝાનના રોઝા વાલે કે નહીં ?**

*(બકીયાહ પેજ નં. ૧૬ પર)*

**લોગોમાં ખૈર તે છે જે બીજાને ફાયદો કરે.**

*(પેજ નં. ૧૫ નું બાકી)* ***મદીનતુલ મસાઈલ : રોઝા .....***

**જવાબ** : ન વાલે, અગર કોઈએ વાલા હોય તો તે રોઝા પાછા કરવા પડે.

**સવાલ-૩૭ : રમઝાન મહીનામાં કોઇ સફર કરે તો રોઝું કરે કે નહીં ?**

**જવાબ** : રમઝાનના રોઝા સફરને દૌરાન ન કરે. જો એ કસરની હદમાં દાખિલ થઈ ગયો હોય. કસરની હદનો ફાસલો ઘરથી ૩૮.૬ કિ.મી. નો આવવા-જાવાનો થાય છે.

**સવાલ-૩૮ : જે શખ્સ રમઝાનમાં ઝવાલ પહેલા સફર કરે તો તે દિનનું રોઝુ દુરૂસ્ત રહે કે નહીં ?**

**જવાબ** : ઝવાલ બાદ નીકલે તો જ રોઝું દુરૂસ્ત રહે અને ઝવાલ પહેલા એ નીકલી જાય તો તેને રોઝુ વાલવું પડે.

**સવાલ-૩૯ : જે શખ્સ રોઝાની નિય્યતથી ઝવાલ પહેલા એના મકાનમાં સફર પૂરો કરીને પહોંચી ગયો હોય તો એનું રોઝુ સલામત રહે કે નહીં ?**

**જવાબ** : ઝવાલ પહેલા મકાનમાં પહોંચી જાય તો રોઝુ સલામત રહે છે અને જો ઝવાલ બાદ મકાન પર પહોંચે તો રોઝુ વાલવું પડે.

**સવાલ-૪૦ : મુસાફિર સફરના દૌરાન કોઇ મકાનમાં થોડા અય્યામ રહેવા ચાહે તો રોઝું રાખે કે નહીં ?**

**જવાબ** : જો સફરમાં એક જ મકાનમાં દસ દિન રહેવાની નિય્યત કીધી હોય તો ફરઝના રોઝા રાખે. અગર તે જગા પરથી નીકલવામાં આજ-કાલ કર્યા કરતો હોય તો રોઝા ન રાખે.

**સવાલ-૪૧ : જે શખ્સ હમેશા સફરમાં જ રહેતો હોય અને એ મકાનમાં ઠહેરતો ન હોય તો એ શખ્સ તમામ રોઝા-નમાઝ કરે કે નહીં ?**

**જવાબ** : નમાઝ તમામ પઢે અને રોઝા પણ પૂરા કરે. આ જવાબમાં તે તમામ મુલાઝેમીન તેમજ જોબ-સર્વીસ પર જાનારા આવી જાય છે જેઓ વડોદરા-મુંબઈના પરાઓમાં ૧૨ માઈલ (૧૯.૩ કિ.મી.) ની દૂરીથી ઝિયાદહ સર્વીસ પર જાય છે તેઓ નમાઝ-રોઝા પૂરા કરે.

**સવાલ-૪૨ : જે શખ્સ રમઝાનમાં રોઝુ કરે અને રસ્તામાં હાદેસાના સબબ ગુઝરી જાય યા કરંટ લાગે યા વીજલી પડે વગૈરા તો એના રોઝાનો શું હુકમ?**

**જવાબ** : એનો ફરઝંદ યા એના કરાબતવાલા એના ગયેલા રોઝા વાલે.

**સવાલ-૪૩ : બીમાર શખ્સ રોઝા કઇ હાલતમાં મૂકે ?**

**જવાબ** : જે શખ્સ રોઝુ રાખે તો એની બીમારીમાં ઝિયાદતીનો ખૌફ હોય તો એવી હાલતમાં રોઝુ કરે નહીં.

**સવાલ-૪૪ : હામેલા બૈરો અને બચ્ચાને દૂધ પીવડાવતી બૈરોને રોઝા રાખવાથી નુકસાન થાતુ હોય તો શું હુકમ છે ?**

**જવાબ** : બેવેને રોઝા ન રાખવાની રૂખ્સત આવેલી છે પણ અગર ઈસ્તેતાઅત આવી જાય તો તેને વાલવા પડે. અગર કોઈને પ્યાસ બરદાશ્ત ન થાતી હોય તો તે રોઝુ મુકી શકે છે જેના કફ્ફારામાં તે ૩૦ મિસ્કીનને જમાડે યા દાઈયુઝ્ઝમાનને કફ્ફારો અદા કરે.

**સવાલ-૪૫ : જો ગુઝરનાર ગયેલા રોઝા વાલા બગૈર ગુઝરી ગયા હોય અને એનો કોઇ ફરઝંદ યા વલી ન હોય તો શું હુકમ છે ?**

**જવાબ** : એની દૌલતમાંથી હરએક ગયેલા રોઝા વાસ્તે એક મિસ્કીનને જમાડે યા દાઈયુઝ્ઝમાનને કફ્ફારો અદા કરે. દૌલત પણ ન હોય તો અલ્લાહતઆલા એની તૌબાને કુબૂલ કરનાર અને મગફેરત કરનાર છે.

**સવાલ-૪૬ : બીમારના રોઝા એનો વલી ક્યારે વાલે ?**

**જવાબ** : જે શખ્સ રમઝાનમાં બીમાર પડો હોય અને આ દરમિયાન એના રોઝા ગયા હોય અને રમઝાન બાદ એને શિફા થઈ હોય. આ હાલતમાં કે એને ગયેલા રોઝા વાલા ન હોય અને એને મૌત આવી જાય તો એનો વલી ગયેલા રોઝા વાલે. હવે કોઈ રમઝાનમાં બીમાર પડે અને એને શિફા થઈ ન હોય અને રમઝાન બાદ આ જ

*(બકીયાહ પેજ નં. ૧૭ પર)*

**દિલોમાં જે ચીઝ નાંખવામા આવે તે યકીન છે.**

## -::: રોઝા ઈફતારીને વક્ત પઢવાની દોઆ :::-

**બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ**

**અલ્લાહુમ્મા યા મોઅતિયસ સોઆલાત વ યા વલીયર રગબાત વ યા મુનફફેસલ કોરોબાત વ યા કાફિયલ હમ્મે વલ ગમ્મે યા હન્નાન યા મન્નાન યા ઝલ-જલાલે વલ ઇકરામ યા મન આઅતા ખૈરા મા ફી ખઝાએનેહિલ ઇમાન બેહી કબ્લસ સોઆલ. લા તમ્નઅના અકલ્લા મા ફી ખઝાએનેકલ અફવા મઅસ સોઆલે અસઅલોકા અન તોસલ્લી અલા મોહંમદિંવ વઆલા આલે મોહંમદ, વ અન તગફેરલના વ તરહમના વ તોઆફીના મિન સખતેકા વ અન તકઝિયા અન્નદૈના બેરહમતેકા વ અન અતૂબા અલયના ઇન્નકા અન્તત તૌવાબુર રહીમ. વ અન તજઅલના ફી હાઝલ યૌમે મિન ઓતકાએકા વ મિન તોલકાએકા મિનન્નાર વ અન લા તુશ્મિત બેના અદૂવન વલા હાસેદા બેરહમતેકા યા અરહમર્રાહેમીન. અલ્લાહુમ્મા લકા સુમના વ બેકા આમન્ના વ અલા રિઝકેકા અફતરના ફતકબ્બલ મિન્ના ઝહબઝ ઝમાઓ વમ્તલઅતિલ ઓરૂકો વબકેયલ અજરો ઇન્શાઅલ્લાહો તઆલા.**

**માઅના :** શુરૂ કરૂં છું હું અલ્લાહના નામથી જે રહેમાન છે, રહીમ છે.

અય અલ્લાહતઆલા, અય સવાલો મુજબ અતા કરવાવાલા, અય રગબતોની બખ્શિશ કરવાવાલા, અય મુસીબતોં ને દૂર કરવાવાલા, અય તમામ હમ-ગમથી નજાત આપવાવાલા, અય હન્નાન, અય મન્નાન, અય સાહબે જલાલો ઈકરામ. અય તે અલ્લાહ કે જેએ પોતાના ખઝાનામાંથી આઅલા ચીઝ સવાલ કરતા પહેલા અતા કીધી યાઅની ઈમાન. તો હવે તારા ખઝાના માંથી અદના ચીઝનો સવાલ કરવાને વાસ્તે મનાઈ ન કરીશ યાઅની અફવો કરમ. અય અલ્લાહતઆલા, મોહંમદ (સ.અ.વ.વ.) અને આલે મોહંમદ (સ.અ.) પર સલવાત પઢ અને હમને રહેમત, મગફેરત અને આફીયત અતા કર, દૈનને અદા કર, તારી રહેમતથી અને હમારી તૌબાને કુબૂલ કર, બેશક તું તૌબા કુબૂલ કરવાવાલો, રહેમ કરવાવાલો છે. આજના દિન હમને જહન્નમથી આઝાદ થાવાવાલાના ઝુમ્રામાં શામિલ કર અને દુશ્મનો હાસિદની બદખુશીથી હમને બચાવ, તારી રહેમતથી, અય અરહમુર્રાહેમીન. અય અલ્લાહતઆલા, હમેં તારા વાસ્તે રોઝું કીધું છે, તારા પર ઈમાન લાવા છે, તારા રિઝક પર ઈફતાર પણ કરીએ છીએ તો તેને કુબૂલ ફરમાવ. હમારી ઝબાનોમાંથી પ્યાસ ચાલી ગઈ, નસો ભરાય ગઈ અને અજર બાકી રહ્યો ઈન્શાઅલ્લાહો તઆલા. ★

## -::: શિફા અને બાબરકત પાની :::-

તાજુદ્દોઆતિલ અકરમીન સૈયેદના ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ૧૨૯૬ હિ. માં તખ્તે તૈયેબી પર મુસ્તવી થયા અને ૧૩૦૧ હિ. માં આપ હજ્જે બયતુલ્લાહથી મુશર્રફ થયા. આપના ઝમાનાની એક નાદિર-નાયાબ ચીઝ આજે દાઅવતે શરીફાહમાં મૌજૂદ છે તે એક યાદગાર થાલ છે જેમાં આપે હજ્જે બયતુલ્લાહના અય્યામ દૌરાન કુરઆને કરીમની આયતો ને નકશ કરાવી હતી. આપના વકતથી દેવડી મુબારકનો તરીકો રહેલો છે કે, કોઈ પણ મુમિન શિફાના પાની વાસ્તે દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) પાસે આવે તો એને આ પુરશિફા અને પુરઅસર થાલનું પાની આપવામાં આવે છે. આ ફખરી નિશાનીની શિફાની બરકતની રસમ આજે પણ જારી છે. તો મુમેનીનથી ઈલ્તેમાસ છે કે, જેને કુરઆને કરીમની આયતે તાહેરા ના પાની થી શિફા હાસિલ કરવી હોય તે દેવડી મુબારક પર અરઝ કરી શકે છે. ★

*(પેજ નં. ૧૬ નું બાકી)* ***મદીનતુલ મસાઈલ : રોઝા .....***

બીમારીમાં એ ગુઝરી ગયો તો એના તરફથી મિસ્કીન જમાડવામાં આવે.

**સવાલ-૪૭ : કોઇ શખ્સ એના મેહરમદારના ઘર તરફ સફર કરીને જાય અને એના ઘરમાં પાઁચ ફરઝ રહેવાનો ઇરાદો હોય યા એક યા બે દિન રોકાય તો રમઝાનના રોઝા કરે યા નહીં ?**

**જવાબ** : અગર રોઝાની નિય્યત રાખીને મેહરમદારના મકાનમાં કોઈ ઝવાલ પહેલા દાખિલ થાય અને નમાઝના પાઁચ ફરઝ રહેવાની નિય્યત કરે તો રોઝુ કરે. ★

**અલ્લાહ નઝદીક કોઈ ચીઝ ઝિયાદહ પસંદીદાહ નથી પણ તે દોઆ છે.**

## -::: ઔલાદ અને નેક આદત :::-

કિતાબોમાં આ કિસ્સો બયાન થયેલો છે કે, એક દિકરાએ કોઇ દુકાનમાંથી ચોરી કીધી અને તે ચોરીના માલને એની માઁ ને નઝદીક લઇને આવો. માઁ એ કોઇ તફતીશ કીધી નહીં અને દિકરાની તાઅરીફ કીધી. દિકરાએ થયું કે, મારા આ કામથી મારી માઁ તો ઘણી ખુશ થઇ છે. તો તે દિકરો હરરોઝ કોઇના કોઇ જગા પરથી ચોરી કરતો તે ચોરીની ચીઝ લાવીને માઁ ને આપતો, અને માઁ તેના દિકરાથી ખૂબ ખુશ થાતી મગર તે પૂછવાની દરકાર કરતી નહીં કે, તેનો દિકરો આ બધી કીમતી ચીઝો કયાંથી અને શું કરીને લાવે છે! ચોરી કરવાની આદત તે હદ તક વધી જાય છે કે, છોકરો કોઈની પરવાહ કીધા બગૈર બાદશાહના ખઝાના તક પહોંચી જાય છે અને ત્યાંથી પણ ચોરી કરીને માઁ ને ખુશ કરવા ખઝાનાની કીમતી ચીઝો માઁ ના કદમોમાં મુકી દે છે. બાદશાહના સિપાહીઓ તેનો પીછો કરીને છોકરાના ઘરમાં ઘુસી જાય છે અને તેને પકડીને બાદશાહને નઝદીક ચોરેલા તમામ સામાન સાથે ઊભો કરવામાં આવે છે. બાદશાહ તે દિકરાની ચોરી કરવાની ખરાબ આદતના સબબ ઘણો ખફા થાય છે, તેની માઁ ને બોલાવે છે અને તેને સૂલી દેવાની સખ્ત સઝાનું ફરમાન કરે છે. દિકરો બાદશાહને અરઝ કરે છે કે, **મને મારી આખરી ઉમ્મીદ પૂરી કરી લેવા દો !** તે દિકરો એક છૂરી મંગાવે છે અને તેની માઁ ને પોતાના સામે ઊભા થાવાનું કહે છે. પછી અચાનક એની માઁ નું નાક પકડીને ઝોરથી છુરી મારે છે અને નાક કાપી નાંખે છે. તે કહે છે કે, અય માઁ, મેં તારૂં નાક કાપીને તુંને બેઇઝ્ઝત કરૂં છું, કેમકે આજે સરે આમ મારી રૂસવાઇ અને ઝિલ્લતનો સબબ તું જ છે. જો તું મને ચોરી કરવાથી રોકતી, મને શીખામણ આપતી તો આ મુજબ મારો અંજામ ન થાતો ! ★

## -::: પહેલી સાલગિરહ મુબારક :::-



**૧૭ રમઝાન**

**ફાતેમતુઝ્ઝહરા**

નાનાજી **શૈખઅલી અબ્દુલઅલી ધોલકાવાલા** અને તમામ ઘરવાલા અમારી નવાસીને એની પહેલી સાલગિરહ પર મુબારકબાદી આપીએ છીએ. ★

## -::: તસ્હીલુન નિસ્બત :::- નિસ્બતને સહેલ

આ કોલમમાં નિસ્બત વાસ્તે અરઝ આપવી હોય તો રૂબરૂમાં લેખિતમાં હમારૂં ફોર્મ ભરીને ભાઇસાહેબ કમ્બરઅલી ભાઇ (ન્યૂ ઓપ્ટીક હાઉસ, ચોખંડી) ને આપવાની રહેશે. અરઝદાર જો પોતાની અરઝને નામ સાથે છાપવા માંગતા હોય તો એ પણ હમેં કુબૂલ કરીશું. વડોદરાથી બાહર રહેતા મુમેનીન પોતાના રિશ્તેદારો ના ઝરીએ અરઝ આપી શકે છે. અરઝ આપવાનો હદીયો રૂ.૫૦/- મુકર્રર કરવામાં આવો છે. મહીનાની ૧૦ તારીખ પહેલા અરઝ મોકલવા મુમેનીનને દિલી ગુઝારિશ કરવામાં આવે છે. ★

## -::: ઝાહેર ખબર વાસ્તે :::-

હમારા અઝીઝ કારેઈનને આ ખબર આપતા ઘણી મસર્રત થાય છે કે, હવેથી મુમેનીન પોતાના વેપાર, દુકાન, કારખાના, ઘરેલુ હુનર, ફનકારી યા કોઇ સ્પેશીયલ આઇટમ બનાવવામાં કારીગરી રાખતો હોય તેની ઝાહેરાત - **Advertisement** “અલ-હાદી” અખ્બારમાં આપી શકશે. **Advertisement** ની પૂરી વિગત મહીનાની ૧૫ તારીખ પહેલા હમારા એડ્રેસ પર હમને મીલી જાવી જોઇએ.

| ઝાહેરાતની સાઇઝ : **3 x 2 Inches** (Approx.) |
|---|
| **3** મહીના : **150/- Rs.** |
| **6** મહીના : **300/- Rs.** |
| **1** વરસ : **600/- Rs.** ★ |

## -::: પાઁચ રસ્તા અને ડર :::-

**(૧) પોતાના ગુનાહોના ડરને દૂર કરવા વાસ્તે તૌબાનો રસ્તો અપનાવો.**

**(૨) કબ્રની વેહશત-ડરને દૂર કરવા તહજ્જુદ અને બિસ્કિલ્લૈલનો રસ્તો ઇખ્તિયાર કરો.**

**(૩) કયામતના દિનના ડરને દૂર કરવા અમલે સાલેહ કરવાના રસ્તા પર ચાલો.**

**(૪) અલ્લાહના અઝાબના ડરને મીટાવવા સદકો કરવાની આદત રાખો.**

**(૫) સિરાતુમ મુસ્તકીમ પર ચાલવાના ડરને દૂર કરવા આલે મોહંમદ (સ.અ.વ.વ.) ની મોહબ્બત નો રસ્તો અપનાવી લો. ★**

**દોસ્ત કરતા કોઈ ચીઝ ખૈર નથી મગર મુમિન.**

## -::: રોઝા :::-

*ખુદા સે, નબી સે મીલતા હે રોઝા,*
*સબક માઅરેફત કા સીખાતા હે રોઝા.*
*ગુનાહોં કી આદત મિટાતા હે રોઝા,*
*હમેં નૈક બનના સીખાતા હે રોઝા.*
*ન ખાયે પીયે ઝિકરે મૌલા કરેં બસ,*
*ઈબાદત કી લઝ્ઝત દિલાતા હે રોઝા.*
*કલામે ઈલાહી પઢે રાત-દિન હમ,*
*કે મૌસમ ઈબાદત કી લાતા હે રોઝા.*
*શબે કદ્ર કી રાત ઔર ઈદ કા દિન,*
*યે ઈનઆમ હમકો દિલાતા હે રોઝા.*
*ગરીબોં પે, ભુખોં પે તુમ રહમ ખાઓ,*
*યે જઝબા દિલોં મે જગાતા હે રોઝા.*
*બરસતી હે રેહમત ઈલાહી કી જિસ જા,*
*ચલો ચલકે દેખેં દિખાતા હે રોઝા.* ★

## -::: ઝાહેર ખબર :::-


**ડૉ. રોશનઅલી વ્હોરા** એમ.એસ. (ઈ.એન.ટી.)
**નાક, કાન અને ગળાના સર્જન**
**શિફા નર્સિંગ હોમ,**
એકતા ભવનના બાજુમાં, પાણીગેટ, વડોદરા.
ટાઈમ : બુધ-શનિ : ૬ થી ૮ સાંજે
રવિવાર : ૧૧ થી ૧૨ સવારે
(અગાઉથી એપોઈન્ટમેન્ટ લઈને આવવું.)
ફોન : ૨૫૭૦૩૩૮ ★

---

**સ્ટાર હેન્ડ એમ્બ્રોઈડરી ક્લાસીસ**
**ફરઝાના શમ્સુદીન બાલડીવાલા,**
ગ્રાઉન્ડ ફ્લોર, સકીના ચેમ્બર્સ,
આજવા રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૯.
મો. ૯૭૨૫૯૫૦૦૮૬ ★

---

✻ ઈન્કમટેક્ષ બચાવવા વાસ્તે ગેરન્ટેડ કંપનીઓમાં ઈન્વેસ્ટમેન્ટ કરી પૂરેપૂરું વલતર હાસિલ કરો.
✻ હમારે ત્યાં કોઈ પણ પ્રસંગ વાસ્તે મહેંદી પાડવાના ઓર્ડર લેવામાં આવશે.
**ઝાહેદાબેન : ૯૮૨૪૬૭૧૪૫૬** ★

---

R.T.O. અને ડ્રાઈવીંગ લાયસન્સ ના કોઈ પણ તરહના કામકાજ વાસ્તે મીલો
**દીલાવરભાઈ હઝારીવાલા**
હઝારીવાલા PCO, RTO કંપાઉન્ડ, વડોદરા.
સરનામું : ૩૧૦, એ બિલ્ડીંગ, બોરસલી એપા., આજવા રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૯.
ફોન : ૨૫૨૪૯૩૬, ૩૨૪૪૦૧૮ (સવારે ૧૦ થી સાંજના ૫)
મો. ૯૯૭૯૫૦૨૭૪૬ (રાત્રે ૮ થી ૧૦) ★

---

અમારે ત્યાં ખાટો-મીઠો, જીરાનો, લીંબુનો તથા લસણનો અચાર તૈયાર મીલશે. આ સિવાય બુંદીના લાડવા, બેસનના પાન, ગુંદરપાક, કોપરાપાક મીલશે તથા મલીદા-મીઠાઈનો ઓર્ડર લેવામાં આવશે.
**મીયાસાહેબ ફખરૂદ્દીન રંગવાલા**
દેવડી મુબારક સામે, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૧૭. ફોન (ઘર) : ૩૨૫૨૪૮૪
મો.: ૯૮૯૮૦૫૦૨૪૮ ★

---

Ismat Madam's
**Genius Personal Tuition Class**
Std.10 : Sanskrit, Gujarati, Hindi
(Eng. & Guj. Medium)
**Ismat A. Gulabiwala (M.A., B.Ed.)**
103, Ali Chamber-1, Taiyebi Park,
Ajwa Road, Vadodara - 19.
M.: 9974405146 ★

---

અમારે ત્યાં કોટન, પંજાબી સુટ, પડદા, નેપકીન, ચાદરો ના જોટા, નમાઝી કપડાં, રિદામાં પહેરવાની ટી શર્ટ તેમજ બગાસરાની બધી વસ્તુઓ વ્યાજબી ભાવે મીલશે.
**તરન્નુમ બી. નડીયાદી**    **જેનબ ટી. નડીયાદી**
મો.: ૯૩૭૪૫૧૧૭૭૬
એ-૬, બોરસલી એપાર્ટમેન્ટ, આજવા રોડ,
વડોદરા - ૧૯. ★


---

**યકીન કાફી દૌલત છે.**
**ઈબાદત કાફી અમલ છે.**

**આઅમાલનો આધાર એના આખિરી હિસ્સા પર છે.**

## -::: ફાતેમા (અ.સ.), આપ કોણ છો ? :::-

અબુ અય્યૂબ અન્સારી બયાન કરે છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) બીમાર પડા તો આપના લખ્તે જિગર મૌ.ફાતેમા ઝહરા (અ.સ.) આપની મિઝાજ-પુરસી વાસ્તે પધારા. ફાતેમા (અ.સ.) એ બાવાજીના મરઝની હાલત જોઈ અને બેસાખ્તા આહોઝારી કરવા લાગા. આપ (સ.અ.વ.વ.) એ દિલાસો આપતા ફરમાવું કે, અય ફાતેમા, અલ્લાહતઆલાએ તમારી કરામત અને ઈઝ્ઝતને ખાતિર એવા મરદે આકિલ સાથે તમારી શાદી કરાવી આપી છે કે, જે ઈસ્લામ કુબૂલ કરવામાં પહેલા છે, મારાથી નઝદીકીમાં તમામથી આગલ, ઈલ્મો અમલમાં તમામથી ઝિયાદહ અને હિલ્મો કરમમાં તમામથી વધીને છે. અલ્લાહતઆલાએ ઝમીનને ખબર આપી કે તે મને ઈખ્તિયાર કરે તે બાદ મને નબી બનાવીને મોકલા. હવે બીજી વક્ત ઝમીનને હુકમ થયો કે તમારા શૌહરને ઈખ્તિયાર કરે તો અલીને મારા વસી બનાવા. અલ્લાહતઆલાએ અહલે બૈત (અ.સ.) ને એવા ૭ સાહબો આપેલા છે કે, આ પહેલા કોઈને અતા થયા નથી. **અય ફાતેમા, તમારા બાવાજી સઘલા અંબિયા કરતા અફઝલ, સૈયેદ અને રઈસ છે.** તમારા શૌહર આલી જૌહર તમામ આગલા ઔસિયાના સરદાર છે, સરતાજ છે. તમારા બાવાજીના કાકાજી સાહેબ હ.હમઝા તમામ શોહદાના સરદાર છે. તમારા બાવાજીના કાકાજીના દીકરા હ.જાઅફરૂત્તૈયાર જન્નતના ફરિશ્તાઓ સાથે પોતાની બે પાંખોથી જ્યારે ચાહે ત્યારે ઉડે છે. તમારા બે પ્યારા ફરઝંદો, જેના જાન સાથે મારો જાન જોડાયેલો છે, જન્નતના જવાનોના સરદાર છે. તમેં ખુદ એ ફઝીલત અને દરજો રાખો છો કે, તમેં આગલા-પાછલા આ દુનિયાના તમામ બૈરોના સૈયેદા છો. હજુ, તમારા ફરઝંદ હુસૈનની નસલમાંથી એક શખ્સે બાકમાલ મૌ.મેહદી અલ-કાઈમ થાનાર છે. આપે (સ.અ.વ.વ.) આ કલામને ત્રણ વાર ફરમાવા અને તે વક્ત ઈમામ હુસૈન (અ.સ.) ની પીઠ પર આપે આપનો હાથ મુકેલો હતો. ★

## -::: સાત આઅમાલ :::-

મૌલાના અલી સાહબે ઝુલફિકાર ફરમાવે છે કે, ૭ કામો ઘણા બેહતરીન આઅમાલ માંથી છે, તમેં સઘલા એના પર લાઝિમ રહેજો :

(૧) કલેમતુશ્શહાદત **"લા ઇલાહા ઇલ્લલ્લાહ વ અન્ના મોહંમદન અબ્દોહુ વ રસૂલોહુ"** યાઅની હું શહાદત દઉં છું કે નથી કોઈ ખુદા મગર અલ્લાહ છે અને મોહંમદ તેના બંદા અને રસૂલ છે, આને હર વક્ત પઢા કરવું.

(૨) અલ્લાહના નબીના અહલુલ બૈત (અ.સ.) ની દિલો જાન થી સાચી મોહબ્બત રાખવી. એમ નહીં કે ઝાહિરમાં મોહબ્બતનો દેખાવ કરવો અને દિલોમાં જુદાઈ રાખવી.

(૩) રાહે ખુદામાં જેહાદ કરવી. રોઝાદાર હોવું એક મોટી જેહાદ છે જેમાં મુમિન દુનિયાની ખ્વાહિશો-લઝ્ઝતોને મારે છે, શયતાનને રૂસ્વા કરે છે, હર પલ ખુદાની મરઝી મુતાબિક અમલ કરે છે.

(૪) સખ્ત ગરમીની મૌસમમાં રોઝા કરવા. સખ્ત હાલાતમાં પણ અલ્લાહના અહકામને બજા લાવવા.

(૫) કડકડતી ઠંડીમાં કામિલ વુઝૂ કરવી. અમલે ખૈર કરવામાં જેટલી શિદ્દત વધારે એટલો સવાબ વધારે.

(૬) હર વક્ત નમાઝની પાબંદીનો ખયાલ રાખવો. તમામે તમામ ચીઝ ઉપર નમાઝને આગલ કરવી કેમ કે નમાઝ તમારા દીનનું મોં છે.

(૭) તાકત-ઈસ્તેતાઅત હોય તો ઝિંદગીમાં કમ-અઝ-કમ એક વાર તો બૈતુલ્લાહિલ હરામ કાઅબતુલ્લાહ ના દીદાર કરવા, હજ્જ પઢવી. ★


સાલાના લવાઝેમાત (Yearly Subscription)
રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૨૫૮૩૯૪૯.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★